અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

13 NOVEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 132 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  હવામાં પ્રદૂષણ વધતાં રાજધાનીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ 400થી ઉપર પહોંચ્યો, દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ...

4  અનંત જુગ વિત્યાં રે પંથે રે હાલતાં! એ પદનાં ઉદાહરણો પરથી નરસિંહ શું બોધ આપે છે?....

6  ભારત-આફ્રિકા વન-ડે સીરિઝમાં શ્રેયસ અય્યર વાપસી કરશે? જાણો BCCIનો શું છે પ્લાન.....

7  ઓક્ટોબરમાં છૂટક ફુગાવો રેકોર્ડ નીચા સ્તરે આવ્યો : ખાદ્ય ચીજો સસ્તી થવાને કારણે તે ઘટીને 0.25%....


### દિલ્હી જ નહીં, રામ મંદિર અને કાશી વિશ્વનાથ મંદિર પણ હતું નિશાને, સ્લીપર સેલ હતો સક્રિય, પૂછપરછમાં આતંકવાદી શાહીનનો ખુલાસો

# 26 જાન્યુઆરીએ લાલ કિલ્લા ઉપર હુમલાનો હતો પ્લાન

**નવી દિલ્હી, તા.12**

સોમવારે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા બ્લાસ્ટથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. પોલીસ અને એજન્સીઓએ અત્યાર સુધીમાં અનેક શંકાસ્પદોની અટકાયત કરી છે. દિલ્હી બ્લાસ્ટના ત્રણ પ્રમુખ શંકાસ્પદોમાં ડૉ. મુજમ્મિલ, ડૉ. આદિલ અહેમદ ડાર અને ડૉ. ઉમર છે. ડૉ. ઉમર બ્લાસ્ટ સમયે જ માર્યો ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ ડૉ. મુજમ્મિલ અને ડૉ. આદિલ અહેમદ ડારની ધરપકડ કરવામાં આવી છે. હવે મુજમ્મિલની પૂછપરછમાં ડરામણો ખુલાસો થયો છે. આ ડરામણો ખુલાસો એ છે કે આ લોકોએ દિલ્હીના લાલ કિલ્લા પર હુમલાનો પ્લાન બનાવ્યો હતો.



દિલ્હી બ્લાસ્ટ મામલે મુજમ્મિલની પૂછપરછમાં એક મોટો ખુલાસો થયો છે. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ડૉ. મુજમ્મિલ અને ડૉ. ઉમરે લાલ કિલ્લાની રેકી કરી હતી. આ માહિતી ડૉ. મુજમ્મિલના ફોનના ડમ્પ ડેટામાંથી મળી છે. પૂછપરછમાં તપાસ એજન્સીને એ પણ જાણવા મળ્યું છે કે, તેમનો પ્લાન ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લાને ટાર્ગેટ કરવાનો હતો. તેઓ દિવાળી પર પણ ભીડભાડવાળી જગ્યાને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યા હતા.

સોમવારે જમ્મુ-કાશ્મીર અને હરિયાણા પોલીસે ફરીદાબાદમાંથી ૨,૯૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું હતું. તેના કલાકોમાં જ લાલ કિલ્લા પાસે બ્લાસ્ટ થયો હતો. પોલીસ સૂત્રોનું કહેવું છે કે ડૉ. ઉમર જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી મોડ્યુલનો એક સભ્ય હતો, જેમાં ડૉ. મુજમ્મિલ અને ડૉ. આદિલ અહેમદ ડાર પણ સામેલ હતા. દિલ્હી વિસ્ફોટોમાં મૃત્યુઆંક વધીને ૧૩ થઈ ગયો છે અને ૨૧ ઘાયલ લોકોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આમાંથી પણ ઘણાની હાલત ગંભીર છે.

જમ્મુ-કાશ્મીર પોલીસ હાફિઝ ઈશ્તિયાકને ફરીદાબાદથી શ્રીનગર લઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ડૉ. મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાકનું જ ઘર ભાડે રાખ્યું હતું. મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાક પાસેથી ભાડે લીધેલા ઘરના એક રૂમમાંથી ૨૫૬૩ કિલો વિસ્ફોટકો મળી આવ્યા હતા. NIA પણ હાફિઝ ઈશ્તિયાકની પૂછપરછ કરી રહી છે.

દિલ્હી વિસ્ફોટોની સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ આગળ વધતાં, ચોંકાવનારા ખુલાસા બહાર આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, આતંકવાદીઓએ માત્ર દિલ્હી જ નહીં, પરંતુ અયોધ્યા રામ મંદિર સહિત ઉત્તર પ્રદેશના અનેક ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓ વારાણસી અને અયોધ્યામાં પણ વિસ્ફોટ કરવા માંગતા હતા.

ફરીદાબાદથી ધરપકડ કરાયેલા આતંકવાદી મોડ્યુલના સભ્ય ડૉ. શાહીનની પૂછપરછ દરમિયાન આ ખુલાસો થયો હતો. શાહીને વિસ્ફોટો માટે અયોધ્યામાં એક સ્લીપર મોડ્યુલ સક્રિય કર્યો હતો. જોકે, સ્લીપર સેલ અયોધ્યા અથવા વારાણસીમાં તેમની યોજનાઓને પાર પાડે તે પહેલાં, ફરીદાબાદમાં ATS અને પોલીસના દરોડા દરમિયાન વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

સુરક્ષા એજન્સીઓની તપાસમાં ખુલાસો થયો છે કે શાહીન ભારતમાં જમાત-ઉલ-મોમિનતનો મુખ્ય કમાન્ડર હતો, જેનો નેતૃત્વ આતંકવાદી મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર કરી રહી હતી. શાહીન જમાત ઉલ-મોમિનતમાં છોકરીઓની ભરતી માટે જવાબદાર હતી, જેમની પાસે પહેલાથી જ કટ્ટરપંથી વિચારસરણી હતી. તેણીએ આર્થિક રીતે નબળા મહિલાઓને નિશાન બનાવી હતી.

વધુમાં, તેણીને 'દૌરા-એ-તસ્કિયા' નામની મહિલા આતંકવાદીઓ માટે પ્રારંભિક તાલીમ આપવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ નવી મહિલા આતંકવાદીઓનું બ્રેન વોશ કરવાનું કામ કરે છે અને તેમને શીખવે છે કે સ્વર્ગ મેળવવા માટે ભારત સામે જેહાદ જરૂરી છે. શાહીને જૈશના દૌરા આયત-ઉલ-નિસામાં પણ તાલીમ મળી છે.

શાહીને ધાર્મિક ગ્રંથોમાં જેહાદના મહત્વ વિશે મહિલાઓને શિક્ષિત કરવા માટે તાલીમ મળી છે. શાહીનનો ધ્યેય જૈશ-એ-મોહમ્મદમાં જોડાવા માટે વધુ મુન્તાઝીમા (ટીમ લીડર) ની ભરતી કરવાનો હતો. શાહીન તેમને જૈશની મહિલા પાંખ, જમાત ઉલ-મોમિનત સાથે જોડવા માટે ઓનલાઈન વર્ગો પણ તૈયાર કરી રહી હતી.

આ બ્રિગેડમાં એવી ભારતીય મહિલાઓનો સમાવેશ કરવાનો હતો જેમના પુરુષો પહેલાથી જ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ધરપકડ કરવામાં આવી હતી, અને મહિલાઓને લાગ્યું કે તેમને ભારત સરકાર દ્વારા જાણી જોઈને ફસાવવામાં આવ્યા છે.

શાહીને તાલીમ દરમિયાન જૈશના મહિલા આતંકવાદીઓને મસૂદ અઝહરનું પુસ્તક પૂરું પાડવાની યોજના બનાવી હતી. આ તાલીમ દ્વારા શાહીન મહિલા આત્મઘાતી બોમ્બરો વિકસાવવાની પણ યોજના બનાવી હતી. અહેવાલો અનુસાર, શાહીન મસૂદના ભાઈ, તલ્હા અલ-સૈફ સાથે સીધા સંપર્કમાં રહી છે. શાહીન પોતે ઘણી તબીબી સંસ્થાઓમાં કામ કરી ચૂકી હોવાથી, તેણે તેના વર્તુળના ડોકટરો અને નર્સોને આતંકવાદી તાલીમમાં સામેલ કરવાની યોજના બનાવી હતી.

### શોબા એ દાવતમાં બ્રેનવોશનો ખતરનાક ખેલ છે

## પકડાયેલી મહિલા ડોક્ટર શાહીન શાહીદનો ખૌફનાક પ્લાન શોબા એ દાવત ડિકોડ થયો

### શોબા એ દાવત જૈશનો એક એવો વિભાગ છે જે નવી ભરતીના દિમાગમાં ગંદકી, નફરત કે એક પ્રકારે બ્રેન વોશ કરે છે

**નવી દિલ્હી, તા.12**

ભારતની ગુપ્તચર એજન્સીઓએ એક એવા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે જેના વિશે સાંભળીને રૂવાડાં ઊભા થઈ જશે. જૈશ એ મોહમ્મદનો ખતરનાક પ્લાન શોબા એ દાવત સંપૂર્ણ રીતે ડીકોડ થઈ ચૂક્યો છે. તેની કમાન ભારતમાં મહિલા ડોક્ટર શાહીનના હાથમાં હતી. જે ભારતમાં જમાત ઉલ મોમિનાતની ચીફ કમાન્ડર છે. સૂત્રોએ જણાવ્યું કે શાહીનનો પ્લાન શોબા એ દાવત ડિકોડ થઈ ચૂક્યો છે. જમાન ઉલ મોમિનાતને આતંકી સંગઠન મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર ચલાવે છે. આ સંગઠનનું કામ મહિલાઓને જેહાદ માટે તૈયાર કરવાનું છે. શાહીદને ખાસ જવાબદારી મળી હતી કે તે કટ્ટર વિચારધારા ધરાવતી છોકરીઓને ટાર્ગેટ કરે અને તેમને જૈશ સાથે જોડે. શોબા એ દાવતમાં બ્રેનવોશનો ખતરનાક ખેલ છે.



શોબા એ દાવત જૈશનો એક એવો વિભાગ છે જે નવી ભરતીના દિમાગમાં ગંદકી, નફરત કે એક પ્રકારે બ્રેન વોશ કરે છે. સૂત્ર જણાવે છે કે શોબા એ દાવતની સંપૂર્ણ જવાબદારી ભારતમાં શાહીનને મળી હતી. આ ટ્રેનિંગમાં નવી મહિલા આતંકીઓનું બ્રેઈનવોશ કરાય છે અને તેમને સમજાવવામાં આવે છે કે જન્નતમાં જવા માટે ભારત વિરુદ્ધ જેહાદ કરવું જરૂરી છે. શાહીનને શરૂઆતી ટ્રેનિંગ દૌરા એ તસ્કિયાની જવાબદારી સોંપાઈ હતી. જેમાં છોકરીઓમાં ધાર્મિક પુસ્તકોના બહાને જેહાદનું ઝેર ભરાતું હતું. તે પહેલેથી કટ્ટર છોકરીઓને ટાર્ગેટ કરતી. એવી છોકરીઓ જેમના મનમાં નફરતના મૂળિયા પાક્કા થઈ ચૂક્યા હતા.

શાહીન પોતે જૈશની દૌરા આયત ઉલ નિસાહ ટ્રેનિંગ લઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ ધર્મના પુસ્તકોમાં મહિલાઓ માટે પણ જેહાદ કરવા વિશે જણાવવા માટે શાહીનને ટ્રેનિંગ મળેલી છે. તેનો હેતુ વધુમાં વધુ મંતઝિમા (ટીમ લીડર)બનવવાનો હતો, જેથી કરીને તેમના દ્વારા વધુ મહિલાઓને જૈશ સાથે જોડવામાં આવી શકે. ઓનલાઈન ક્લાસિસનું પ્લાનિંગ પણ ચાલુ હતું. જેમાં ભારતની એવી મહિલાઓને સામેલ કરવાનું હતુ જેમના ઘરોમાંથી પુરુષ આતંકી ગતિવિધિઓમાં પકડાયેલા હોય. તેમને એવું લાગતું હોય કે સરકારે તેમને ફસાવ્યા છે.

શાહીનનુ સૌથી મોટું હથિયાર એ ખોટું વચન હતું જેમાં કહેવાતું કે મરતા જ જન્નત મળશે. તે કટ્ટર વિચારધારાવાળી છોકરીઓને ટાર્ગેટ કરતી હતી.

### એક્ઝિટ પોલ્સ કરતા સાવ અલગ

## બિહાર ચૂંટણી ઉપર ફલૌદી સટ્ટા બજારની આગાહીએ બધાને ચોંકાવ્યા

### તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી ભાજપ અને નીતિશની જેડીયુને પાછળ છોડીને સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે

**પટણા, તા.12**

બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે. હવે પરિણામો પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. નીતિશકુમારની સરકાર રહેશે કે પછી સત્તા પરિવર્તન થશે અને મહાગઠબંધન આવશે તેની અટકળો થઈ રહી છે. મોટાભાગના એક્ઝિટ પોલના પરિણામોમાં એનડીએની સરકાર બનતી જોવા મળી રહી છે પરંતુ તેનાથી ઉલટું ફલૌદી સટ્ટા બજારના આંકડાએ બધાને આશ્ચર્યચકિત કર્યા છે. ફલૌદી સટ્ટા બજારનો માર્કેટ રેટ એક્ઝિટ પોલથી અલગ જ બીજી એક નવી કહાની દેખાડે છે. સટ્ટા બજાર મુજબ બિહારમાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી શકે છે. એટલું જ નહીં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી ભાજપ અને નીતિશકુમારની જેડીયુને પાછળ છોડીને સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે. ફલૌદીના સટ્ટા બજારની ભવિષ્યવાણીઓ માનીએ તો બિહારમાં એનડીએ અને મહાગઠબંધન બંને માટે સંભાવનાઓના દરવાજા હજુ પણ ખુલ્લા છે. ફલૌદી સટ્ટા બજારના માર્કેટ રેટ મુજબ બિહારમાં એનડીએને ૧૦૫ થી ૧૩૫ સીટો મળી શકે છે. એ જ રીતે મહાગઠબંધનને ૯૭ થી ૧૨૭ સીટો મળી શકે છે. એ જ રીતે અન્યને ત્રણથી આઠ સીટો મળી શકે છે. પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીને લઈને ફલૌદીનું સટ્ટા બજાર જરાય ઉત્સાહિત નથી. પ્રશાંત કિશોરની પાર્ટી માટે ખાતું ખુલવું કોઈ ઉપલબ્ધિથી કમ નહીં હોય. ઓવૈસીની પાર્ટીની સામે પણ ગત રેકોર્ડ દોહરાવવો મોટો પડકાર હશે.

### સુરક્ષા એજન્સીઓ દોડતી થઇ

## દિલ્હી, મુંબઈ સહિત ૫ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી

### ઈન્ડિગોને દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, ત્રિવેન્દ્રમ, હૈદરાબાદ એમ પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો

**નવી દિલ્હી, તા.12**

દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસ ચાલી રહી છે, ત્યારે ઈન્ડિગો એરલાઈન્સને બુધવારે બપોરે ૩:૩૦ વાગ્યે પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો. ઈન્ડિગોને મોકલવામાં આવેલા ઈમેઈલમાં પાંચ એરપોર્ટ: દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, ત્રિવેન્દ્રમ અને હૈદરાબાદને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકીથી ભારે હોબાળો મચી ગયો હતો અને તપાસ શરૂ કરવામાં આવી છે. જો કે, ઈમેઈલ ક્યાંથી આવ્યો અને કોણે મોકલ્યો તે સ્પષ્ટ નથી.



મુંબઈથી વારાણસી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં ભારે હોબાળો મચી ગયો હતો, જેના કારણે લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું અને તેને તાત્કાલિક આઈસોલેશન બેમાં વાળવામાં આવ્યું હતું. બધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા વિમાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'વારાણસી જતી અમારી એક ફ્લાઈટને ધમકી મળી હતી. પ્રોટોકોલ મુજબ, સરકાર દ્વારા નિયુક્ત બોમ્બ ધમકી મૂલ્યાંકન સમિતિને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને તમામ જરૂરી સુરક્ષા પગલાં તાત્કાલિક શરૂ કરવામાં આવ્યા હતા. ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતરી ગઈ હતી અને તમામ મુસાફરોને વિમાનમાંથી ઉતારી લેવામાં આવ્યા હતા. તમામ ફરજિયાત સુરક્ષા તપાસ પૂર્ણ થયા પછી વિમાનને ફરી કાર્યરતકરવામાં આવશે.'

દિલ્હી બોમ્બ વિસ્ફોટ બાદ દેશભરના એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષા પણ કડક કરવામાં આવી છે. એરપોર્ટની અંદર અને બહાર CISF અને એરપોર્ટ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે.




# સુરત RFO સોનલ સોલંકી ફાયરિંગ કેસમાં આરોપી પતિની અટકાયત...

## નિકુંજ ગોસ્વામીએ કઠોર કોર્ટમાં સરેન્ડર અરજી કરતા કોર્ટે ફગાવી હતી

**સુરત, તા.12**

સુરત રેન્જ ફોરેસ્ટ ઓફિસર સોનલ સોલંકી ફાયરિંગ કેસમાં ગ્રામ્ય પોલીસે આરોપી અને ઈજાગ્રસ્ત RFOના પતિ નિકુંજ ગોસ્વામીની સુરત કઠોર કોર્ટ પરિસરમાંથી અટકાયત કરી છે અને હાલમાં તેની વિધિવત ધરપકડની પ્રક્રિયા શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ઈજાગ્રસ્ત RFOના પતિ નિકુંજ ગોસ્વામીએ સુરત કઠોર કોર્ટમાં સરેન્ડર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કઠોર કોર્ટે તેની સરેન્ડર અરજી ફગાવી કાઢી હતી.

અડાજણ વન વિભાગની ઓફિસમાં ફરજ બજાવતાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO)સોનલ સોલંકી 6 નવેમ્બરની વહેલી સવારે કામરેજ નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યાં હતાં. ઘરેથી અડાજણ જવા નીકળેલાં મહિલા અધિકારીની કાર ઝાડ સાથે ભટકાયેલી હાલતમાં મળતાં પોલીસને જાણ કરાઈ હતી.



કારમાં તેમની સાથે પુત્ર પણ હોવાનું જાણવા મળતાં તાત્કાલિક અસરથી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલાં RFOને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ સાથે જ બનાવ અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

હોસ્પિટલ પહોંચેલાં પરિવારજનોએ સારવાર માટે તેમને સુરતની ખાનગી હોસ્પિટલ પી.પી. સવાણી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તેઓ બેભાન હોવાથી ખાનગી હોસ્પિટલમાં સીટી સ્કેન કરાયું હતું. સીટી સ્કેન સમયે માલૂમ પડયું કે તેમને માથામાં ગોળી વાગી છે. RFOનો અકસ્માત નહીં, પરંતુ ફાયરિંગ થયું હોવાનું બહાર આવતાં પોલીસે FSLની મદદથી તપાસ હાથ ધરી છે. પોલીસે હત્યા કે આત્મહત્યા? એ દિશામાં તપાસ કેન્દ્રીત કરી છે. RFO બેભાન છે, જ્યારે ચાર વર્ષીય પુત્ર ઘટનાથી હેબતાઈ ગયો હોવાથી પોલીસે કોઈપણ પૂછપરછ કરી નથી. હવે તેઓ ભાનમાં આવે અથવા ચાર વર્ષીય પુત્ર પોલીસને ઘટના અંગે કોઈક માહિતી આપે તો સમગ્ર હકીકત સામે આવે એમ છે. ગત જાન્યુઆરી મહિના RFO સોનલબેન સોલંકીના પતિ RTO ઈન્સ્પેક્ટર અન્ય મહિલા સાથે ફ્લેટમાં ઝડપાયા હતા. સુરત RTOમાં ફરજ બજાવતા સોનલબેનના પતિ પોતાની પત્નીને મૂકી અન્ય સ્ત્રી સાથે રહેતા હોવાના આક્ષેપ પત્નીએ કર્યા હતા. સુરતના ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કેશવનગરના એક ફ્લેટમાં ઈન્સ્પેક્ટર પતિ એક યુવતી સાથે હતો ત્યારે જ પત્ની સોનલબેન પોલીસને લઈ ત્યાં પહોંચ્યાં હતા અને હોબાળો મચાવ્યો હતો. પોલીસે પતિ અને તેની સાથે મળી આવેલી યુવતીને ઉમરા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. સોનલબેને પોતાના પતિ અને સાસરિયાઓ સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવવાની વાત કરી હતી. કેશવનગર વિસ્તારમાં પતિ, પત્ની અને વોના કિસ્સાના કારણે ભારે ચકચાર મચી હતી.

આ ઘટનાની જાણ થતાં જ સુરત જિલ્લા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા RFO સોનલબેનને ગોળી વાગવા પાછળનું કારણ જાણવા અને ગુનેગારોને પકડવા માટે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. સોનલબેન સોલંકી સુરત આયોજન વિભાગમાં કામ કરતા હતા, તેમના પતિ સુરત RTO ઈસ્પેક્ટર છે.

---

**ગોરવા મધુનગર વિસ્તારમાં 37 દબાણો દૂર કરાયા**

# દબાણ શાખાએ TP- 55A ના 18 મીટર રોડ લાઇનમાં આવતા દબાણો હટાવ્યા

**વડોદરા, તા.12**

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તાર ગોરવામાં મધુનગરના TP-55 Aના 18 મીટર રોડ લાઈનમાં આવતા કાચા-પાકા છાપરાવાળા 37 મકાનોનો સફાયો સ્થાનિક પોલીસ, જીઈબી, એમ્બ્યુલન્સ અને ફાયર સ્ટાફના સહયોગથી દબાણ શાખા દ્વારા દૂર કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરમાં ઠેક ઠેકાણે જ્યાં જુઓ ત્યાં કાચા પાકા દબાણો જોવા મળી રહ્યા છે. જેના કારણે શહેરમાં ટ્રાફિક સમસ્યા વધી છે. ક્યારેક સરકારી મિલકતો અને રોડની જગ્યાએ અનેક દબાણો જોવા મળી રહ્યા છે, જેના કારણે વાહન પાર્કિંગ અને અન્ય સમસ્યાઓ સર્જાઈ છે. ત્યારે આજે દબાણ શાખા દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોરવા મધુનગર ખાતે TP 55-એ માંથી 18 મીટર રોડ લાઈન પસાર થાય છે, પરંતુ આ વિસ્તારમાં અનેક કાચા-પાકા અને પતરાવાળા મકાનો ગેરકાયદે બની ગયા હોવાની વિગતો બહાર આવી હતી. જેથી પાલિકા તંત્ર




દ્વારા આ ગેરકાયદે બાંધકામો દૂર કરવા દબાણ શાખાને કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

આજે દબાણ શાખાની ટીમ દ્વારા ગેરકાયદે બનેલા 37 કાચા-પાકા અને પતરાવાળા મકાનો સ્થાનિક ગોરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ, વીજ નિગમનો સ્ટાફ, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ઉપસ્થિતિમાં હટાવવાની કાર્યવાહી દબાણ શાખા દ્વારા શરૂ કરાઈ હતી. આ કાર્યવાહીમાં ચાર બુલડોઝર અને એક ડોઝરનો ઉપયોગ દબાણ શાખા દ્વારા કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન સ્થાનિક લોકોના ટોળેટોળા એકત્રિત થયા હતા. પરંતુ પોલીસ કાફલાએ લોકોને આ કાર્યવાહી સ્થળેથી દૂર ખસેડ્યા હતા. આ સ્થળે કોઈ આકસ્મિક કે અઘટિત ઘટના ન સર્જાય એ માટે એમ્બ્યુલન્સ અને ફાયર વિભાગની ટીમ પણ જોવા મળી હતી. સાથે વીજ કંપનીના સ્ટાફ દ્વારા તમામ કાચા પાકા અને છાપરાવાળા ગેરકાયદે મકાનોના યેનકેન મેળવાયેલા વીજ કનેક્શન દબાણ શાખાની કાર્યવાહી અગાઉ જ કાપી નાખવામાં આવ્યા હતા.

---

# શક્તિ ઉર્ફે પેંડાની 'ચાદ'માં ગેંગનું નામ 'પેંડાગેંગ' પડ્યું

## ફાયરિંગ સહિતના 70 ગુનામાં સંડોવાયેલા ચાર આરોપી 10 દિવસના રિમાન્ડ પર, મિલ્કત ટાંચમાં લેવા કવાયત શરૂ

**રાજકોટ, તા.12**

રાજકોટની કુખ્યાત પેંડા ગેંગ સામે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પેંડાના સાગરીત રાજપાલ ઉર્ફે રાજો જાડેજા સહીત 17 આરોપીઓ વિરુધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી 4 આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બાકીના 11 આરોપીઓનો આજે જેલમાંથી ટ્રાન્સફર વોરંટ મારફત કબ્જો મેળવી ધરપકડ કરી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

હાલ આ કેસમાં પકડાયેલા ચાર આરોપીને 10 દિવસના રિમાન્ડ મેળવી આરોપીઓની મિલ્કતો અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે અને મિલ્કત ટાંચમાં લેવા કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત કોઈ ગેરકાયદે દબાણ હોવાનું જાણવા મળશે તો તેને તોડી પાડવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ ગેંગ ઉપર છેલ્લા દશ વર્ષમાં હત્યા, હત્યાની કોશિશ, બળાત્કાર, આર્મ્સ એક્ટ, મારામારી સહીત કુલ 71 ગુના



નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોક હેઠળ દિનેશ ઉર્ફે બચ્ચું ઉર્ફે મોટી ટિકિટ ગોહેલ, જીજ્ઞેશ ઉર્ફે બાવકો ઉર્ફે નાની ટિકિટ ગોહેલ, ચિરાગ ઉર્ફે બકાલી મકવાણા, અને ચંદ્રેશ ઉર્ફે ચંદો ગોહેલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે 10 દિવસના રિમાન્ડ મંજુર કરતા રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે. જ્યારે આજ રોજ રાજકોટ જેલમાં બંધ 11 આરોપીઓનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગુજસીટોકની તપાસ એસીપી ક્રાઈમ ભરત બસીયાને સોંપવામાં આવી છે જેના સુપરવિઝન હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવશે અને સમયસર ચાર્જશીટ રજૂ થાય તે માટે ઝડપી અને કડક કાર્યવાહી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. રિમાન્ડ દરમિયાન પેંડા ગેંગના લોકો પાસેથી ગેંગ ક્યારે અને કેવી રીતે બની, ગેંગ બનાવવાનો આઈડિયા કોનો હતો, ગેંગમાં કોણ ક્યારે જોડાયું, ગુનામાં વપરાતાં છરી, પિસ્તોલ, તમંચા સહિતના હથિયાર ક્યાંથી આવ્યા, ગેંગની મોડસ ઓપરેન્ડી શું છે તે સહિતના મુદ્દે પૂછપરછ કરવામાં આવશે. આ ઉપરાંત આ તપાસ દરમિયાન આરોપીઓની મિલ્કતો અંગે પણ તપાસ કરવામાં આવશે અને ખાસ મિલ્કતો ટાંચમાં લેવા પણ કવાયત શરૂ કરી દેવામાં આવી છે. પોલીસની પૂછપરછમાં એવી વિગત પણ સામે આવી હતી કે, આ ગેંગનું નામ શક્તિ ઉર્ફે પેંડાના નામે પાડવામાં આવ્યું હતું.

---

# પુત્રને જર્મનીમાં ભણાવવા પિતાએ ગાંજાનો વેપલો શરૂ કર્યો

## BCAનો વિદ્યાર્થી મિડલમેન તરીકે કામ કરતો, સ્કોટલેન્ડથી પરત ફરેલો યુવક નશાના સામાનનો સપ્લાયર

**સુરત, તા.12**

સુરત પોલીસે શહેરમાં ચાલી રહેલા હાઈબ્રીડ ગાંજાનું વેચાણ ઝડપી પાડ્યું છે. ઝડપાયેલા ત્રણ લોકોની પૂછપરછમાં પોલીસને ચોંકાવનારી વિગતો મળી છે. જીતુ ધામેલિયા નામના શખસનો પુત્ર જર્મીનમાં MBA કરી શકે તેના માટે 12 લાખ રૂપિયાની જરુર હતી. જે શોર્ટકટ પૂરી શકાય તે માટે તેને હાઈબ્રીડ ગાંજાનું વેચાણ શરૂ કર્યું હતું. પોતાના પુત્રના હાથમાં ઉચ્ચ ડિગ્રી જોવા માગતા જીતુએ અન્યના સંતાનોને ડ્રગ્સના રવાડે ચડાવતો હતો. જ્યારે BCAમાં એટીકેટી આવ્યા બાદ આડારસ્તે ચડેલો એક યુવક વચેટીયાનું કામ કરતો અને સ્કોલેન્ડમાં MBA કરવા ગયેલો પરંતુ, ફેલ થયેલો યુવક હાઈબ્રીડ ગાંજાની સપ્લાય કરતો હતો. ગાંજાનો સપ્લાયર અમેરિકન નંબરનો ઉપયોગ કરતો હોવાનું પણ સામે આવ્યું છે.

સુરતની ચોક બજાર પોલીસે આ ગુંચવાયેલા નેટવર્કને ઉકેલી કાઢી ત્રણેય મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે,જેમની પૂછપરછમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે.આ રેકેટની પહેલી અને મહત્વની કડી છે જીતુ નાગજીભાઈ ધામેલીયા. જીતુ સુરતના ચોક



બજાર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં 'ગોલ્ડન ઝોન સેન્ટર' નામે દુકાન ચલાવે છે. પ્રથમ નજરે આ એક સામાન્ય વેપારનું સ્થળ લાગે, પરંતુ પોલીસની બાતમી મુજબ, આ 'ગોલ્ડન ઝોન' યુવાનો માટે 'ડ્રગ ઝોન' બની ગયું હતું.

ડીસીપી રાઘવ જૈન એ જણાવ્યું હતું કે , જીતુ ધામેલીયાનું એક મોટું સપનું હતું. તે પોતાના પુત્રને ઉચ્ચ અભ્યાસ માટે જર્મની મોકલવા માંગતો હતો. તેનું લક્ષ્ય હતું કે, તેનો પુત્ર જર્મનીની નામાંકિત યુનિવર્સિટીમાંથી 'ઈન્ટરનેશનલ બિઝનેસમાં MBA' ની ડિગ્રી મેળવે. આ સપનું મોંઘું હતું અને તેને સાકાર કરવા માટે મોટી રકમની જરૂર હતી. પૈસાની આ જ જરૂરિયાતે જીતુને શોર્ટકટ લેવા મજબૂર કર્યો. તેણે પોતાની દુકાન 'ગોલ્ડન ઝોન સેન્ટર' ને હાઈબ્રીડ ગાંજાના વેચાણનું કેન્દ્ર બનાવી દીધું. અહીં આવતા-જતા યુવાનોને તે ગુપ્ત રીતે ગાંજાનું વેચાણ કરતો.

જે પિતા પોતાના પુત્રના હાથમાં MBA ની ડિગ્રી જોવા માંગતો હતો, તે જ પિતા અન્યના સંતાનોના હાથમાં નશાનું ઝેર થમાવી રહ્યો હતો, જે કદાચ તેમને કોલેજની ડિગ્રી સુધી પહોંચવા જ ન દે.પોલીસને શંકા છે કે જીતુ લાંબા સમયથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હતો. તેની દુકાન એક 'સેફ સ્પોટ' બની ગઈ હતી, જ્યાં યુવાનો સરળતાથી નશાનો સામાન ખરીદી શકતા હતા.

આ રેકેટનો બીજો આરોપી છે ધ્રુવ પ્રફુલ પટેલ. ધ્રુવ એક તેજસ્વી કારકિર્દી બનાવી શક્યો હોત. તે બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન્સ BCAનો વિદ્યાર્થી છે. ટેક્નોલોજીના આ યુગમાં BCAની ડિગ્રી ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી આપી શકે છે. પરંતુ ધ્રુવની ગાડી પાટા પરથી ઉતરી ગઈ. મળતી માહિતી મુજબ, ધ્રુવ પટેલ BCAના ફાઈનલ યરમાં હતો, ત્યારે તેને ATKT આવી એટલે કે તે અમુક વિષયોમાં નાપાસ થયો. અભ્યાસમાં આવેલી આ અડચણે તેને હતાશ કરી દીધો. આ એ જ સમય હતો જ્યારે તે 'સરળ પૈસા' કમાવવાની લાલચમાં ફસાયો. ધ્રુવ અવારનવાર જીતુ ધામેલીયાની દુકાન 'ગોલ્ડન ઝોન' પર બેસવા જતો હતો. અહીં જ તેનો સંપર્ક જીતુ સાથે ગાઢ બન્યો અને તે પોતે પણ આ ડ્રગ્સના વેપારમાં મિડલમેન તરીકે જોડાયો. કમ્પ્યુટરના 'કોડિંગ' માં અટવાયેલો ધ્રુવ, ગુનાખોરીના 'કોડવર્ડ્સ' માં એવો ફસાયો કે તેણે પોતાની આખી કારકિર્દી દાવ પર લગાવી દીધી.ધૃવનું કામ સપ્લાયર પાસેથી ગાંજો લાવીને જીતુ ધામેલીયા જેવા પેડલરોને પહોંચાડવાનું હતું. એક નાનકડી શૈક્ષણિક નિષ્ફળતાએ તેને ટેલેન્ટેડ કોડર બનવાને બદલે એક ગુનેગાર બનાવી દીધો.

આ સમગ્ર રેકેટનો મુખ્ય સૂત્રધાર અને સપ્લાયર છે જય સતીશભાઈ માવાણી. જયની પ્રોફાઈલ આ કેસની સૌથી રસપ્રદ અને ચિંતાજનક કડી છે. જય માવાણીએ સુરતમાંથી જ બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તેનામાં પણ ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ હતી. BBA પૂરું કર્યા પછી તે ઈન્ટરનેશનલ બિઝનેસમાં MBA કરવા માટે સ્કોટલેન્ડ ગયો. આ એ જ કોર્સ છે જે જીતુ ધામેલીયા પોતાના પુત્રને કરાવવા માંગતો હતો.

પરંતુ, જયનું વિદેશમાં ભણવાનું સપનું પૂરું ન થયું. તે સ્કોટલેન્ડમાં MBAના કોર્સમાં નિષ્ફળ ગયો. ફેલ થતાં તેને પરત સુરત આવવું પડ્યું. નિષ્ફળતાનો સ્વાદ ચાખીને આવેલા જય પાસે હવે કોઈ ડિગ્રી નહોતી, પણ તેની પાસે 'ઝડપથી પૈસા કમાવવાનો' એક ખતરનાક આઈડિયા હતો. તેણે વિદેશમાં જોયેલા-જાણેલા ડ્રગ્સના કલ્ચરને અહીં 'બિઝનેસ મોડેલ' બનાવવાનું નક્કી કર્યું. તેણે સામાન્ય ગાંજા નહીં, પણ યુવાનોમાં વધુ ડિમાન્ડ ધરાવતા 'હાઈબ્રીડ ગાંજા'નું સપ્લાય નેટવર્ક શરૂ કર્યું.

---

# સૌના મુખે એક જ વાત 'લાલો' જોઈ? : એક એક સીન જોઇ રડે છે લોકો

# ભલભલી ફિલ્મોના ક્રેઝને પછાડે એવું તો ઘેલું લાગ્યું, થિયેટર્સ 'ગોકુળ' બન્યા

**અમદાવાદ, તા.12**

કોઈ ફિલ્મ જોઈને રડી રહ્યું છે તો કોઈ લાલાને લઈ થિયેટરમાં નાચી કૂદી રહ્યું છે. ક્યાંક થિયેટરમાં ગરબા થઈ રહ્યા છે તો ક્યાંક લાલાના જયઘોષ સાથે ભક્તિ અને મનોરંજનનો અદભુત સંગમ જોવા મળી રહ્યો છે.

ભારતમાં જ્યાં જ્યાં કૃષ્ણ નગરી છે ત્યાં બધે જ હર્ષોઉલ્લાસનો માહોલ છે. ત્યારે હવે લાલો ફિલ્મે જાણે કે થિયેટરોને કૃષ્ણ નગરી બનાવી દીધી હોય તેમ હર્ષોઉલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોઈ ભભકાદાર પબ્લિસિટી કે જાણીતા પ્રસિદ્ધ કલાકારો વગરની ધીમા વાયરે શરૂ થયેલી ગુજરાતી ફિલ્મ લાલો શરૂઆતમાં અમદાવાદમાં માત્ર 2 કે 3 થિયેટરમાં અને તે પણ મિનિપ્લેક્સમાં શો હતા. પણ હવે આ ફિલ્મ જાણે કે વાવાઝોડાનું રૂપ ધારણ કર્યું હોય તેમ તમામ રેકોર્ડ તોડવા છલાંગ લગાવી રહી છે. 'લાલો, શ્રી કૃષ્ણ સદા સહાયતે' આ ફિલ્મનું ટાઈટલ જ કોઈ ચમત્કારથી ઓછું નથી. આમ પણ ગુજરાતમાં જયશ્રી કૃષ્ણ બોલવાનું ચલણ છે અને તેમાં પણ દ્વાપર યુગની દ્વારિકા નગરી, ભક્ત બોડાણાથી પ્રસિદ્ધ ડાકોર અને શામળાજીમાં બિરાજમાન ભગવાન ગુજરાતના પશ્ચિમ કાંઠેથી છેક ઉત્તર સુધી ગુજરાતીઓ પર આર્શિવાદ વરસાવી રહ્યા છે.

આ ફિલ્મ જોવી એ જાણે કે કોઈ ધાર્મિક ઉત્સવમાં ભાગ લીધો હોય તેવી અનુભૂતિ હોય તેમ લોકો સહકુટુંબ પરિવાર સાથે ફિલ્મ જોવા ઉમટે છે. આવો શરૂઆત કરીએ સંસ્કારી નગરી વડોદરાથી...વડોદરાના સિનેમાઘરોમાં લાલો મૂવીને લઈ ખૂબ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે. વારસિયા વિસ્તારમાંથી મૂવી જોવા આવેલા વનિતા પવારે જણાવ્યું હતું કે, લાલો મૂવી ખુબજ સરસ છે, જોવા જેવું છે અને જે પિતા હોય તેઓ માટે સમજવા જેવું છે. પરિવાર સાથે લોકો જોઈ શકે તેવું મૂવી છે, આ સમજવા જેવું છે અને જે સમજે તેના માટે લાઈફ સુધારી જાય છે. અન્ય એક દર્શક દીપ પટેલે વખાણ કરતા કહ્યું કે ખૂબ સરસ અને જોરદાર મૂવી ઘણા વર્ષો પછી જોવા મળ્યું છે. કૃષ્ણ ભગવાન સદા સહાયતે કે ભગવાન તમને કોઈ પણ અવતારમાં મદદ કરે છે. લોકો એક બીજાની મદદ કરે અને જો તમે મદદ કરશો તો ભગવાન તમને મદદ કરશે. આજની જનરેશન લોકોને મદદ કરવાનું ભૂલી ગઈ છે તે આ મૂવી જોઈ 70 ટકા લોકો લોકોની મદદ કરશે. ચોક્કસ એકવાર આ મૂવી જોવો તો ખબર પડી જશે કે કેવી મૂવી છે અને આ મૂવી માટે અપરથી લઈ લોઅર સીટો ફૂલ છે. મૂવી જોઈને આવેલા જતીનભાઈએ જણાવ્યું કે, મૂવી જે સમજી શકે તેના માટે ખૂબ સારું છે. પહેલા પણ આજ હતું અને આજે પણ આજ છે, પહેલા ભગવાનને બધા માનતા હતા આજે કળિયુગમાં ભગવાન આ રીતે લોકોને સમજાવે છે. જે લોકો સમજી શકે છે તે સમજી શકે, જે ટાઈમ પાસ કરવા આવે તે ટાઈમ પાસ કરે, જેને સમજવાનું છે તે સમજે. હવે આ ફેમિલીને સમજાવવું-દેખાડવું જરૂરી છે. હાલમાં ફાસ્ટ



લાઈફ ચાલી રહી છે, આ બધું ભૂલી ગયા છે, એટલે ભગવાન રીપીટ કરે છે.

તો રંગીલા રાજકોટના દર્શક કેમ લાલો જોવામાં પાછળ પડે તેમ મૂવી જોવા આવેલા એક દર્શક ડૉ.ભૂમિકાએ જણાવ્યું કે, લાલો મૂવી સરસ છે. તેમાં જે કૃષ્ણનું પાત્ર બતાવવામાં આવ્યું છે એ ખૂબ જ સારું છે. અત્યારના સમય પ્રમાણે શું સમજવા જેવું છે તે તેમાં આપવામાં આવેલું છે. જે આજની યુવા પેઢીએ શીખવા અને સમજવા જેવી બાબત છે. ધર્મને મોર્ડન રીતે સમજાવવાનો ખૂબ જ સારો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મૂવી જોઈને યુવાઓ અને વડીલોની આંખમાં આંસુ આવી જાય છે.

ફિલ્મની કાસ્ટ વિશે વાત કરતા દર્શક રમેશ સોનાગ્રાએ જણાવ્યું હતું કે, લાલો ફિલ્મ લોકોને ખૂબ જ પ્રેરણા પૂરી પાડે છે અને કર્મના સિદ્ધાંત પર વિશ્વાસ રાખવાની વાત કરે છે. પ્રભુના રોલમાં જે આવે છે તે આપણને ઈન્સ્પાયર કરે છે કે સૌએ પોતાના ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. ગુજરાતી ભાષામાં આ પ્રકારની ફિલ્મ બનતી રહે તે ખૂબ જ જરૂરી છે. દાદાના જન્મદિવસે પરિવાર સાથે ફિલ્મ જોવા આવેલા બા જશુબેન શાહે જણાવ્યું હતું કે, આ ફિલ્મ ખુબ જ સારી છે અને તેમાં કર્મનો સિદ્ધાંત સમજાવવામાં આવે છે. કચ્છથી રાજકોટ લાલો ફિલ્મ જોવા માટે આવેલા હરદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, લાલો એ ખુબ જ સારી ગુજરાતી ફિલ્મ છે. આજના કળિયુગમાં લોકો પાસે ભાગવત ગીતા વાંચવાનો સમય નથી ત્યારે આ ફિલ્મ જોઈને આજના સમયમાં ગીતાની શીખ કેટલી જરૂરી છે તે જાણી શકાય છે. તો સુરતીઓ આ મૂવી જોવામાં કેમ પાછળ રહી જાય. લાલો મૂવી જોવા આવેલા પ્રતિક્ષાબેને જણાવ્યું કે મૂવી બહુ સરસ હતું. એમાં કહેવા માંગે છે કે જેવા કર્મો કરો એવા ફળ મળશે. એટલે જોવાની મજા આવી ગઈ અને કનૈયાનો જે અવતાર હતો, બહુ સુંદર જ હતો. મૂવી જોવા આવેલી દિવ્યાએ કહ્યું કે બહુ જ ફાઈન મુવી હતી એટલી મસ્ત શીખ આપી હતી કૃષ્ણ ભગવાને કે તમારે તમારો રસ્તો પોતે શોધવો જોઈએ બહુ જ ફાઈન મુવી છે. દર્શક ભાવનાબેને કહ્યું કે મૂવી બહુ જ ફાઈન છે. મન અને આત્મા અંદરથી ખુશ થઈ જાય છે અને સમજાવે છે કે આપણે જે કરેલા કર્મો છે એ ભોગવવા પડે છે. મૂવી બહુ ફાઈન છે. નિકિતાએ કહ્યું લાલો મૂવી બહુ સારી મૂવી છે. ભગવાન બીજે ક્યાંય નથી, તમારા હૃદયની અંદર જ છે, અને બીજી વાર મૂવી જોવા ચોક્કસ પાછા આવવું પડશે એટલી બધી મને ગમી છે. અને જે એમાં છે એવું મારી સાથે થયેલું પણ છે કે ભગવાન આપણા હૃદયની અંદર જ છે.

રૂંગટા સિનેમાના ટિંકુ દુબેએ જણાવ્યું હતું કે અમારા અહીંયા 'લાલો' ગુજરાતી મૂવી 3 તારીખથી આવી છે. એના પછી ડે બાય ડે એનો શો ઈન્ક્રીઝ કર્યા છે. અમારી પાસે જો 150ની કેપેસિટી છે તો હર શોમાં ઓલમોસ્ટ 140-145 જેવી કેપેસિટી આવી રહી છે.

તો હેરિટેજ સિટી અમદાવાદમાં પણ લાલો ફિલ્મને લઈ દર્શકો ભાવૂક જોવા મળ્યા હતા. ફિલ્મ જોઈ બહાર નીકળેલા સુરુચિબેને જણાવ્યું હતું કે, બહુ જ સરસ મૂવી છે. એટલું બધું ઈમોશનલ છે, ખરેખર જાણે લાલાનો આપણે અનુભવ કરતા હોઈએ એવું હાર્ટ ટચ થઈ ગયું હતું. હાલની જનરેશનમાં મોટાભાગે લોકો ભગવાનને નથી માનતા, તો જો આ લાલો દરેક જણા જુએ તો તેમને ખબર પડશે કે ખરેખર ભગવાનને આપણે પૂજવા જ જોઈએ. આ જનરેશનમાં તો આવા મૂવીની તો બહુ જ જરૂર છે. તો ભગવાનનો સાક્ષાત અનુભવ કરનાર દર્શક સાક્ષીએ જણાવ્યું કે લાલો મૂવીમાં બધા તીર્થધામ બતાવ્યા છે અને આજની જનરેશન દારૂને બધું પીવે છે, એ લોકો માટે એવું શીખવાડવામાં આવ્યું છે કે તમે આ ધંધા બંધ કરીને સારા ધંધા કરો. જેમ કે ઉધાર લઈને તમે તમારા ફેમિલીને જે રીતે હેરાન કરો છો, એ રીતે ન કરો. અને એમાંથી એવું શીખવાડવામાં આવ્યું છે કે ભગવાન હોય જ છે આપણી જોડે. આપણને એવું છે કે નથી, પણ હોય જ છે ભગવાન. પણ ભગવાન એમાંથી એવું શીખવાડવા માંગે છે કે, હું ખાલી તમને રસ્તો બતાવીશ, મહેનત તમારે કરવાની. ખાસ કરીને અત્યારની જનરેશનને એવું છે.

### હવામાં પ્રદૂષણ વધતાં રાજધાનીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ 400થી ઉપર પહોંચ્યો

# દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ થતાં GRAP-3નો અમલ શરૂ

**આ નિયમોથી હવે દિલ્હી-એનસીઆરની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પર સીધી અસર થશે, ડીઝલથી ચાલતા વાહનો પર પ્રતિબંધથી ચીજવસ્તુઓના પુરવઠામાં અને ડિલીવરી સર્વિસ પર ગંભીર અસર પડશે**





**નવી દિલ્હી, તા. 12**

દિલ્હી અને એનસીઆરમાં સતત બગડી રહેલી હવાની ગુણવત્તાને જોતાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે(સીએક્યુએમ) ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન(જીઆરએપી - ગ્રેપ)નું તૃતીય ચરણ લાગુ કરી દીધું છે. આ નિર્ણય પછી હવે બીએસ-3 પેટ્રોલ અને બીએસ-4 ડીઝલ વાહનોને સંચાલન પર દિલ્હી અને આસપાસના જિલ્લામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, આ નિયમ ઈમરજન્સી સર્વિસ અને વિકલાંગ વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો પર લાગુ થશે નહીં. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ(એક્યુઆઈ) 400થી ઉપર પહોંચી ગયો છે, જે ગંભીર શ્રેણીમાં આવે છે.

પ્રાથમિક માહિતી મુજબ, જો કોઈ વાહન માલિક નિયમનો ભંગ કરશે તો રૂપિયા 20,000 સુધીનો દંડ થઈ શકે છે. આ સિવાય, બીએસ-4 ડીઝલ એન્જિનથી ચાલતા મધ્યમ અને ભારે વાહનો એટલે ટ્રકો-ટેમ્પોને પણ દિલ્હીમાં એન્ટ્રી અપાશે નહીં.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(સીપીસીબી)ના આંકડા પ્રમાણે, દિલ્હીનો એક્યુઆઈ સોમવારે 362થી વધીને મંગળવારે 421 થઈ ગયો. શહેરના કેટલાક વિસ્તારો - જેવા કે બવાના(462), આરકે પુરમ(446) અને પટપડગંડ(438)માં હવાની ગુણવત્તા ખૂબ ખરાબ શ્રેણીમાં નોંધાઈ છે.

સીએક્યુએમ અનુસાર, ઓછી હવાની ગતિ અને મોસમની પરિસ્થિતિઓના કારણે પ્રદૂષણ ખૂબ વધ્યું છે. ગ્રેપ-3 લાગુ કરવાનો ઉદ્દેશ્ય હવાની ગુણવત્તાને વધુ બગડવાથી રોકવાનો છે. ખાસ કરીને દિવાળી પછીના દિવસોમાં જ્યારે સૌથી વધુ પ્રદૂષણ હોય છે.

આ નિયમોથી હવે દિલ્હી-એનસીઆરની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પર સીધી અસર થશે. ડીઝલથી ચાલતા વાહનો પર પ્રતિબંધથી ચીજવસ્તુઓના પુરવઠામાં અને ડિલીવરી સર્વિસ પર ગંભીર અસર પડશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ પર ભાર વધશે, જેનાથી લોકો મેટ્રો, ઈબસ કે કેબ સર્વિસ પર નિર્ભર રહેશે, જેનાથી ભીડ વધવાની શક્યતા છે. ગ્રેપ-3 અંતર્ગત દિલ્હીમાં બાંધકામ અને ઈમારતો ધ્વસ્ત કરવાના કાર્યો પર રોક લગાવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં શિયાળાના દિવસોમાં પરાળી સળગાવવી, ગાડીઓનો ધુમાડો અને ઠંડીની સ્થિર સ્થિતિને લીધે હવાની ગુણવત્તા ખૂબ બગડે છે. લોકોને સલાહ આપવામાં આવી છે કે એ નિયમિત એક્યુઆઈ અપડેટ્સ ચેક કરાવે અને પોતાની ગાડીઓનું પીયુસી સર્ટિફિકેટ અપડેટ રાખવું અને શક્ય બને તો સીએનજી કે ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરે. ગ્રેપ-3ના આ આકરા પગલાં ભલે અસ્થાયી હોય, પરંતુ એ સ્પષ્ટ દર્શાવે છે કે દિલ્હીની હવાની ગુણવત્તા અને લોકોના આરોગ્યની વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે ખૂબ જરૂરી છે.

**પાકિસ્તાન ફરી અફઘાનિસ્તાન પર હુમલો કરી શકે છે**

## ઈસ્લામાબાદ વિસ્ફોટ પછી રક્ષામંત્રી આસિફે કહ્યું- "અમે કાર્યવાહી કરવા પર મજબૂર"....

**ઈસ્લામાબાદ, તા.12**

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે કહ્યું છે કે અફઘાનિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ સામે કાર્યવાહી કરી શકાય છે. ઈસ્લામાબાદ અને ખૈબર પખ્તુનખ્વામાં મંગળવારના હુમલા બાદ ખ્વાજાએ આ નિવેદન આપ્યું હતું.

જીઓ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, જ્યારે આસિફને પૂછવામાં આવ્યું કે શું પાકિસ્તાન આ હુમલાઓનો જવાબ આપશે, ત્યારે તેમણે કહ્યું, જો ભગવાનની ઈચ્છા હશે તો અમે ચોક્કસ બદલો લઈશું. અફઘાનિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા થવાની શક્યતા નકારી શકાય નહીં. તેમણે કહ્યું કે મંગળવારે થયેલા હુમલા બાદ પાકિસ્તાનને કાર્યવાહી કરવાની ફરજ પડી હતી.

ઈસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી હુમલામાં 12 લોકો માર્યા ગયા અને 36 ઘાયલ થયા.

આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ અંગે વડા પ્રધાન શાહબાઝ શરીફ અને સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે અલગ અલગ દાવા કર્યા છે.

પીએમ શાહબાઝે આ હુમલા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું, જ્યારે સંરક્ષણ પ્રધાન ખ્વાજા



આસિફે આ હુમલા માટે અફઘાન સરકારને જવાબદાર ઠેરવી હતી.

એક દિવસ પહેલા, સેનાએ કોલેજ પર હુમલો કરવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું

ઈસ્લામાબાદ વિસ્ફોટના એક દિવસ પહેલા, પાકિસ્તાની સેનાએ ખૈબર પખ્તુનખ્વાના વાના શહેરમાં આર્મી કોલેજ પરના આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો.

એપી અનુસાર, છ પાકિસ્તાની તાલિબાન લડવૈયાઓ કોલેજ પર હુમલો કરવા આવ્યા હતા. વાના વિસ્તાર લાંબા સમયથી પાકિસ્તાની તાલિબાન, અલ-કાયદા અને અન્ય ઉગ્રવાદી જૂથોનો ગઢ માનવામાં આવે છે. સેનાના ઓપરેશનમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે ત્રણ અન્યને કોલેજ કેમ્પસમાં ઘૂસ્યા બાદ એક ઈમારતમાં ઘેરી લેવામાં આવ્યા હતા. પોલીસ અધિકારી આલમગીર મહેસુદના જણાવ્યા અનુસાર, બધા કેડેટ્સ, પ્રશિક્ષકો અને સ્ટાફ સુરક્ષિત છે.

**વિદેશી વિદ્યાર્થીઓ પર ટ્રમ્પનો યુ-ટર્ન**

# અમેરિકા માટે ફાયદાકારક ગણાવ્યા, કહ્યું- વિદેશી વિદ્યાર્થીઓ ઘટશે તો અડધી કોલેજો બંધ થઈ જશે

**વોશિંગ્ટન, તા.12**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી વિદ્યાર્થીઓ અંગેના પોતાના વલણ પર યુ-ટર્ન લીધો છે. ટ્રમ્પે કહ્યું છે કે વિદેશી વિદ્યાર્થીઓને યુનાઈટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરવાની મંજૂરી ચાલુ રાખવી જોઈએ, કારણ કે તેઓ ફક્ત દેશની શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવતા નથી પરંતુ યુનિવર્સિટીઓની નાણાકીય સુખાકારીને પણ ટેકો આપે છે.

ફોક્સ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે જો ચીન અને અન્ય દેશોમાંથી આવતા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી કરવામાં આવે તો અમેરિકામાં લગભગ અડધી કોલેજો બંધ કરવી પડશે.

ટ્રમ્પે કહ્યું, 'આપણે દુનિયાભરમાંથી આવતા અડધા



વિદ્યાર્થીઓને રોકી શકતા નથી. આમ કરવાથી આપણી કોલેજ અને યુનિવર્સિટી સિસ્ટમને ભારે નુકસાન થશે. હું એવું નથી ઈચ્છતો. મારું માનવું છે કે વિદેશી દેશોના વિદ્યાર્થીઓ હોય તે સારું છે, અને હું દુનિયા સાથે સારા સંબંધો જાળવવા માંગુ છું.'

6 મહિના પહેલા વિદેશી વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

દેશની યુનિવર્સિટીઓમાં યહૂદી વિરોધી અને ડાબેરી વિચારોને રોકવાના ઉદ્દેશ્યથી, અમેરિકાએ આ વર્ષે મે મહિનામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યુ પ્રથમ વખત બંધ કર્યા હતા.

ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકા આવતા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા પ્રોફાઈલની ચકાસણી કડક બનાવવા જઈ રહ્યું હોવાથી, અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ વિશ્વભરના અમેરિકી દૂતાવાસોને વિદ્યાર્થી વિઝા માટે નવા ઈન્ટરવ્યુ શેડ્યૂલ ન કરવાનો આદેશ જાહેર કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાત્કાલિક અસરથી, કોન્સ્યુલર વિભાગે વિદ્યાર્થી અથવા એક્સચેન્જ વિઝિટર (એફ, એમ અને જે) વિઝા માટે નવી નિમણૂકોને મંજૂરી આપવી જોઈએ નહીં જ્યાં સુધી વધુ માર્ગદર્શિકા જાહેર ન થાય.

આ પ્રતિબંધ F, M અને J વિઝા શ્રેણીઓ પર લાગુ પડે છે, જેમાં મોટાભાગે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ મુલાકાતીઓનો સમાવેશ થાય છે. ઈન્ટરવ્યુ પછીથી ફરી શરૂ થયા, પરંતુ સોશિયલ મીડિયા તપાસ અને સુરક્ષા નિયમો કડક બનાવવામાં આવ્યા છે.

અમેરિકા જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 70%નો ઘટાડો થયો

ટ્રમ્પ વહીવટીતંત્રની આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પરની નીતિઓને કારણે વિઝા સ્લોટ બ્લોક થવા અને વિઝા રિજેક્શનમાં અચાનક વધારો થવાને કારણે અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 70%નો ઘટાડો થયો છે.

મુશ્કેલીઓને કારણે, ઘણા વિદ્યાર્થીઓ હવે અન્ય દેશોમાં અભ્યાસના વિકલ્પો શોધી રહ્યા છે.

# 200 અબજ ડૉલરની ક્લબમાં વધુ એક અબજપતિની એન્ટ્રી, એવા એકમાત્ર વ્યક્તિ જે અમેરિકન નથી.....

**વોશિંગ્ટન, તા.12**

વિશ્વના ટોપ-10 ધનિકોની યાદીમાં 7 અબજોપતિઓ 200 અબજ ડૉલરના ક્લબમાં સામેલ છે. નવી એન્ટ્રી બર્નાર્ડ અર્નાલ્ટની થઈ છે, જે ન તો અમેરિકન છે કે ન તો ટેક ઈન્ડસ્ટ્રીમાંથી આવે છે. ટોપ-6માં અમેરિકનોનો કબજો છે અને તમામ ટેકનોલોજીના મહારથી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ લિસ્ટ પ્રમાણે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક 457 અબજ ડૉલરની કુલ નેટવર્થ સાથે ટોપ પર છે, ભલે તેમની સંપત્તિમાં તાજેતરમાં લગભગ 4 અબજ ડૉલરનો ઘટાડો આવ્યો હોય. તેમ છતાં વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 24 અબજ ડૉલરનો વધારો તેમને ટેક વર્લ્ડના બેજોડ પ્રતીક તરીકે જાળવી રાખે છે. ત્યારબાદ લેરી એલિસન 295 અબજ ડૉલરની નેટવર્થ સાથે બીજા નંબર પર છે. તેમની ઓરેકલ કંપનીએ ક્લાઉડ અને AI મોરચે સ્પર્ધા કરીને 2025માં સૌથી વધુ ધન વૃદ્ધિ કરાવનારાઓઓમાં





સામેલ કર્યા છે. તેમણે માત્ર આ જ વર્ષે 103 અબજ ડૉલર જોડ્યા છે.

જેફ બેઝોસ 269 અબજ ડૉલરની નેટવર્થ સાથે ત્રીજા સ્થાન પર છે. જોકે એમેઝોનનો ઈ-કોમર્સ ગ્રોથ હવે પહેલા જેટલો ઝડપી નથી રહ્યો, ક્લાઉડ સેવાઓ અને AI ડ્રોન લોજિસ્ટિક્સમાં રોકાણથી તેમને લાભ થયો.

ગુગલના સ્થાપક લેરી પેજ અને સર્ગેઈ બ્રિન અનુક્રમે 251 અને 235 અબજ ડૉલર સાથે ચોથા અને પાંચમા સ્થાન પર છે. બંનેએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં ગૂગલના વિસ્તરણથી પોતાની સંપત્તિમાં અનુક્રમે 83 અને 76 અબજ ડૉલરનો જંગી વધારો નોંધાવ્યો છે.

માર્ક ઝુકરબર્ગની 222 અબજ ડોલર સંપત્તિ છે, જોકે આ વર્ષે તેમના કુલ નેટવર્થમાં થોડો સુધારો થયો છે. મેટાવર્સ અને રિયાલિટી લેબ્સમાં વધતા ખર્ચ છતાં તેમની ટેક પકડ હજુ પણ મજબૂત છે.

આ યાદીમાં એકમાત્ર બિન-અમેરિકન અને લક્ઝરી બ્રાન્ડ LVMHના પ્રતિનિધિ ફ્રાન્સના બર્નાર્ડ અર્નાલ્ટની સંપત્તિ 200 અબજ ડૉલર છે. તેમણે પણ આ વર્ષે લગભગ 24 અબજ ડૉલરની સકારાત્મક વૃદ્ધિ હાંસલ કરી છે, જે સાબિત કરે છે કે, વપરાશનું આકર્ષણ ટેક દિગ્ગજોની ચમકમાં પણ કાયમ છે. 200 અબજ ડૉલર ક્લબની બહાર પરંતુ ખૂબ નજીક સ્ટીવ બાલ્મર, જેન્સન હુઆંગ અને માઈકલ ડેલ જેવા દિગ્ગજો છે, જેમની કુલ સંપત્તિ અનુક્રમે 175, 168 અને 153 અબજ ડૉલર છે. વિશેષ રૂપે એનવિડિયાના CEO હુઆંગનો ઉછાળો નોંધપાત્ર છે. વાર્ષિક 53 અબજ ડોલરની વૃદ્ધિએ AI ચિપ માર્કેટને વિશ્વના સૌથી ગરમ રોકાણ ક્ષેત્રોમાં ફેરવી દીધું છે. હાલમાં ટોપ-10 અબજોપતિઓમાંથી સાત સ્થાન માત્ર ટેકનોલોજી સેક્ટર પાસે છે અને 200 અબજ ડૉલર ક્લબ હવે એક પ્રતીક બની ગયું છે જે દર્શાવે છે કે, ડેટા, એઆઈ અને ઈનોવેશનની દિશામાં નેતૃત્વ કરનારા કેટલી ઝડપથી આર્થિક શક્તિ પ્રાપ્ત કરી રહ્યા છે.

### વિદ્યાર્થીઓનું સંસ્કૃતિ બચાવો આંદોલન આખા દેશમાં ફેલાયું

# બાંગ્લાદેશમાં યુનુસ સામે લોકો રસ્તા પર ઉતર્યા, ઠેર-ઠેર આગજની

- **પ્રાઈમરી સ્કૂલોમાં સંગીત અને પીટી ટીચરો દૂર કરવામાં આવતા સરકારે ઈસ્લામિક કટ્ટરવાદીઓ સામે ઘૂંટણ ટેકવ્યાનો આરોપ**
- **બાંગ્લાદેશમાં આગામી વર્ષે ચૂંટણી પહેલાં રેફરેન્ડમ કરવાની સૌથી મોટા ઈસ્લામિક કટ્ટરવાદી પક્ષની માંગ**

**ઢાકા, તા.12**

બાંગ્લાદેશમાં સરકારનું નીતિગત પગલું મોટા આંદોલનમાં પરિવર્તીત થઈ ગયું છે. તેના પગલે બાંગ્લાદેશની અગ્રણી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો યુનુસ સરકાર સામે રસ્તા પર ઉતરી આવ્યા છે. તેઓએ સરકાર સામેના તેમના આંદોલનના વેતન વધારાનું નહીં પણ તેમની સંસ્કૃતિને બચાવવા માટેનું આંદોલન ગણાવ્યું છે, જે આખા દેશમાં ફેલાઈ ગયું છે.

મોહમ્મદ યુનુસ સરકારે પ્રાઈમરી સ્કૂલોમાં સંગીત અને શારીરિક શિક્ષણના શિક્ષકોની નિમણૂકની યોજના રદ કરી દીધી છે. આના પગલે બાંગ્લાદેશી યુવાનો ભડક્યા છે. તેઓ તેના કારણે રસ્તા પર ઉતરી આવ્યા છે, તેમનું કહેવું છે કે બાંગ્લા સરકારે ઈસ્લામિક કટ્ટરવાદીઓ આગળ ઘૂંટણ ટેકવી દીધા છે, જે સંગીત અને વ્યાયામ પર પ્રતિબંધ માંગ કરતા હતા. તેમણે જણાવ્યું હતું કે સરકાર ક્યારેય બાંગ્લાદેશીઓના હૃદયમાંથી સંગીતને દૂર કરી નહી શકે. બાંગ્લાદેશી વિદ્યાર્થી આંદોલનોનું પ્રતીક ઢાકા



યુનિવર્સિટીની બહાર અપરાજેય બાંગ્લા પ્રતિમા નીચે રાષ્ટ્રીય ગાન અને ૧૯૭૧ના મુક્તિ સંગ્રામના ગીત ગાતા જમા થયા હતા. વિદ્યાર્થીઓનું આ આંદોલન આખા દેશમાં ફેલાઈ ચૂક્યું છે.

સંગીત પરના પ્રતિબંધને લઈને બાંગ્લાદેશના ચટગાંવથી લઈને રાજાશાહી સુધી જગન્નાથથી લઈને ઢાકા સુધી યુનિવર્સિટીઝના કેમ્પસ વિરોધી નારા અને ગીતોથી ગૂંજી ઉઠયા. આર્ટ્સ અને હ્યુમેનિટીઝના વિદ્યાર્થીઓની આગેવાની હેઠળ આ આંદોલન થઈ રહ્યું છે. તેમની માંગ છે કે સ્કૂલોમાં સંગીત અને પીટી ટીચર્સની નિમણૂકને બહાલ કરવામાં આવે. ઢાકા યુનિવર્સિટીના થિયેટર પ્રોફેસર ઈસરાફિલ શાહીને વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે સંસ્કૃતિ ક્યારેય ધર્મના વિરોધમાં ન હોય. આપણી સંસ્કૃતિ આપણી રાષ્ટ્રીય ઓળખ બનાવે છે. તેના વગરનું શિક્ષણ ખોખલું થઈ જાય છે. સંગીત શિક્ષક અજીજુર રહેમાને જણાવ્યું હતું કે કળા જ સભ્યતાનો પાયો છે. જો કે સરકાર હજી સુધી આ દેખાવકારો આગળ ઝૂકી નથી. સરકારને સમર્થન આપતા ઈસ્લામિક પક્ષો આ નિમણૂકોના સ્થાને ધાર્મિક શિક્ષકોની નિમણૂક કરવા માંગ કરી રહ્યા છે. બાંગ્લાદેશમાં એકબાજુએ આગામી વર્ષે ચૂંટણી યોજવાની જાહેરાત થઈ ચૂકી છે.

**આરોગ્ય, શિક્ષણ માટે મળતી વિદેશી સહાય પાક. આતંકીઓને આપે છે**

# કંગાળ પાકિસ્તાનમાં શિક્ષણ વિભાગના કર્મીઓનો 28 મહિનાથી પગાર ન થતાં મોટાપાયે દેખાવ....

### કંગાળ પાકિસ્તાનમાં શિક્ષણ વિભાગના કર્મચારીઓને પગાર નહીં મળતાં સિંધ-હૈદરાબાદમાં શિક્ષકો પ્રેસ કલબ સામે 14 દિવસથી ધરણા પર

**ઈસ્લામાબાદ, તા.12**

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી કથળી છે કે તેના શિક્ષણ વિભાગના કર્મચારીઓને 28 મહિનાથી વેતન નથી મળ્યું. આથી નારાજ કર્મચારીઓ સડક પર ઉતર્યા છે. પગાર માગે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુલ જણાવે છે કે, શિક્ષણ વિભાગના નિમ્ન કર્મચારીઓએ હૈદરાબાદ પ્રેસ કલબ સામે બેસી ધરણા શરૂ કર્યાનો આજે 14મો દિવસ છે. તેઓ છેલ્લા 28 મહિનાથી બાકી રહેલો પગાર માગે છે. હતાશ અને આર્થિક ભીંસ



અનુભવતા આ દેખાવકારોએ નારા લગાવવા શરૂ કર્યા છે. પ્લે-કાર્ડઝ દર્શાવી રહ્યા છે. તેઓ ન્યાય અને સમયસર પગારની માગણી કરી રહ્યા છે. સાથે ભૂખ-હડતાળ શરૂ કરી છે. તેઓ કહે છે, શિક્ષણ વિભાગે 2021 માં નિમ્ન પદો પર ભરતી શરૂ કરી, જે પ્રમાણે ૨૦૨૩માં તેમને નોકરી મળી. તેમણે તમામ કાનૂની અને વહીવટી ઔપચારિકતા પૂરી કરી હોવા છતાં કેટલીએ સ્કૂલોના કુલ મળી 669 કર્મચારીઓને હજી સુધી પગારનો એક પૈસો પણ નથી મળ્યો. આથી તેઓ ગંભીર આર્થિક સંકટમાં પડી ગયા છે. આ કર્મચારીઓનું નેતૃત્વ કરી રહેલા ગુલાબ રેંડ, અસદમલ અને સૈયદ મોથ જનમ અતિશાહે કે સરકારી ઉપેક્ષાએ અમોને પરેશાન કરી દીધા છે. અમે મકાન ભાડું ચુકવવા કે બાળકોનું પાલન-પોષણ કરવા માટે પણ અસમર્થ છીએ. આ નેતાઓને ચેતવણી આપી છે કે, સરકાર દ્વારા તમામ બાકીની રકમ અમોને ચુકવવામાં નહીં આવે ત્યાં સુધી અમારૃં આંદોલન ચાલુ રહેશે. અત્યારે સ્કૂલોમાં શિક્ષણ કાર્ય ઠપ્પ સમાન છે. આ કર્મચારીઓ પૈકી ઘણાએ આઈટી એક્ષપર્ટસ છે. નિયમાનુસાર તેમને માસિક રૂ. 40000 મળવા જોઈએ તે ન મળે તો ઓછામાં ઓછા દર મહિને રૂ. (પાકિસ્તાની) ૨૫,૦૦૦ તો મળવા જ જોઈએ. જેમાંથી કશું જ મળતું નથી. સિંધ સરકાર કહે છે કેન્દ્રમાંથી ગ્રાન્ટ જ આવતી નથી. તે અંગે, કેટલાક વિશ્લેષકો કહે છે કે, આઈએનએફ વર્લ્ડ બેન્ક વગેરે વિદેશી સંસ્થાઓ તો પાકિસ્તાનને અઢળક સહાય કરે છે.

# 'ઘરમાં ઘૂસી હુમલો કરીશું, સજ્જડ જવાબ મળશે', ખ્વાઝા આસિફની અફઘાનિસ્તાનને ધમકી

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં મંગળવારે બે મોટા આત્મઘાતી (ફિદાયીન) હુમલા થયા ctf, જેણે દેશની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પ્રથમ હુમલો રાજધાની ઈસ્લામાબાદમાં અને બીજો ખૈબર પખ્તુનખ્વાના વાનામાં સ્થિત આર્મી કેડેટ કોલેજ પર થયો હતો. આ હુમલાઓ બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે ખુલ્લેઆમ ચેતવણી આપી છે કે પાકિસ્તાની સેના હવે અફઘાનિસ્તાનની અંદર ઘૂસીને આતંકવાદીઓ પર હુમલો કરી શકે છે.

એક ટીવી કાર્યક્રમમાં બોલતા, પાક. મંત્રી ખ્વાજા આસિફે આ હુમલાઓ માટે સીધો આરોપ અફઘાન તાલિબાન પર લગાવ્યો. તેમણે કહ્યું, 'અફઘાન તાલિબાન દ્વારા આશ્રય મેળવતા લોકો અમારા પર વારંવાર હુમલા કરી રહ્યા છે.' તેમણે હુમલા બાદ અફઘાન શાસન દ્વારા વ્યક્ત



કરવામાં આવેલા દુઃખને ફગાવી દેતા કહ્યું કે આવા શોક સંદેશાને 'પ્રામાણિકતાનો પુરાવો માની શકાય નહીં.' આસિફે આ મામલે બળજબરીથી ભારતને પણ ખેંચ્યું અને ભારત તથા અફઘાનિસ્તાનને કોઈપણ દુઃસાહસ સામે ચેતવણી આપતા કહ્યું કે પાકિસ્તાન 'તેનો એ જ રીતે જવાબ આપશે.' તેમણે સ્પષ્ટ કહ્યું કે જો અફઘાન અધિકારીઓ તેમની ધરતી પરથી હુમલો કરતા આતંકવાદીઓ પર લગામ લગાવવામાં નિષ્ફળ રહેશે તો પાકિસ્તાન જડબાતોડ જવાબ આપશે. વાના કેડેટ કોલેજ: પાકિસ્તાનનું કહેવું છે કે અહીં 4-5 આત્મઘાતી હુમલાખોરો પેશાવર આર્મી સ્કૂલ જેવો હત્યાકાંડ કરવાની ફિરાકમાં હતા. તેઓ કોલેજમાં હાજર 525 કેડેટ્સ સહિત લગભગ 650 લોકોને બંધક બનાવવા માંગતા હતા. જોકે, સુરક્ષા દળોની ત્વરિત કાર્યવાહીને કારણે આ મોટા હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો. આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે શાંતિ વાટાઘાટોના ત્રણ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. હુમલા બાદ, ખ્વાજા આસિફે સોશિયલ મીડિયા 'X' પર લખ્યું, 'આપણે યુદ્ધની સ્થિતિમાં છીએ... ઈસ્લામાબાદમાં થયેલો આત્મઘાતી હુમલો એ કાબુલ તરફથી આવેલો એક સંદેશ છે.

તંત્રી લેખ

## સરકારી હોલમાં મેરેજ કરો અને લાખો બચાવો!

શું તમે લગ્ન કે અન્ય શુભ પ્રસંગ માટે પ્રાઈવેટ પાર્ટી પ્લોટ કે હોલના દોઢ-બે લાખ રૂપિયાના ભાડાથી ટેન્શનમાં છો? તો હવે ચિંતા છોડો. જે ક્વોલિટી માટે તમે લાખો ચૂકવો છો, તે જ સુવિધા સરકારી કોમ્યુનિટી હોલમાં ખાલી 2000થી 50,000 હજાર રૂપિયા સુધીમાં મળી શકે છે. લગ્નની સિઝનમાં વેન્યૂ પાછળ થતો મોટો ખર્ચ બચાવવાનો આ સૌથી સરળ અને સ્માર્ટ રસ્તો છે.

સરકારી હોલની સુવિધા શું છે?

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની 8 મહાનગરપાલિકાઓ અને 159 નગરપાલિકાઓમાં 300થી વધુ કોમ્યુનિટી હોલ અને પાર્ટી પ્લોટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ હોલ તમે તમારા બજેટ અને જરૂરિયાત મુજબ બુક કરી શકો છો. ભાડું સામાન્ય રીતે 2000થી શરૂ થઈને 50,000 સુધીનું હોય છે, જેનો આધાર ત્રણ બાબતો પર છે:

હોલ AC છે કે નોન-AC?

તમારે કેટલા કલાક માટે હોલ જોઈએ છે?

કયા શહેરમાં હોલ આવેલો છે?

ઓનલાઈન બુકિંગની સ્માર્ટ ટ્રિક

જો તમે મહાનગર સિવાયના નાના શહેરો કે નગરપાલિકા વિસ્તારમાં હોવ, તો બુકિંગ પ્રક્રિયા ખૂબ જ સરળ છે:

સ્ટેપ 1: સરકારના પોર્ટલ enagar.gujarat.gov.in પર જાઓ.

સ્ટેપ 2: 'Citizen Registration' પર ક્લિક કરી તમારો મોબાઈલ નંબર, ઈમેઈલ અને પાસવર્ડ નાખી રજીસ્ટ્રેશન કરો.

સ્ટેપ 3: લોગીન કર્યા પછી 'Hall Reservation' ઓપ્શન સિલેક્ટ પસંદ કરો, તમારું શહેર અને હોલ સિલેક્ટ કરી ઓનલાઈન પેમેન્ટ કરો. તમારું બુકિંગ કન્ફર્મ થતાં જ તમને SMS અને ઈમેઈલથી જાણ કરવામાં આવશે.

મોટા શહેરોના લોકોએ શું કરવું?

ઘણા લોકોને મૂંઝવણ થાય છે કે eNagar પર અમદાવાદ, રાજકોટ કે સુરતના હોલ કેમ દેખાતા નથી? ધ્યાન રાખો કે મોટા શહેરોની મહાનગરપાલિકાઓના પોતાના અલગ પોર્ટલ છે.

અમદાવાદ માટે: AMC ની વેબસાઈટ

સુરત માટે: SMC ની વેબસાઈટ

રાજકોટ માટે: RMC ની વેબસાઈટ તમારે જે-તે શહેરની સત્તાવાર વેબસાઈટ પર જઈને હોલ બુકિંગના વિકલ્પમાં જવું પડશે.

આટલું ખાસ યાદ રાખો

દસ્તાવેજો: બુકિંગ માટે તમારે મુખ્યત્વે આધાર કાર્ડ અને એડ્રેસ પ્રૂફની જરૂર પડશે.

વહેલા તે પહેલા: આ સુવિધા 'First Come, First Serve' ના ધોરણે છે, તેથી લગ્નની તારીખ નક્કી થતાં જ તરત બુકિંગ કરાવી લો.

ઓફલાઈન વિકલ્પ: જો ઓનલાઈન ફાવટ ન હોય, તો તમે નજીકના સિવિક સેન્ટર કે મ્યુનિસિપલ ઓફિસ પર જઈને પણ બુકિંગ કરાવી શકો છો.

## અનંત જુગ વિત્યાં રે પંથે રે હાલતાં! એ પદનાં ઉદાહરણો પરથી નરસિંહ શું બોધ આપે છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દરેકની જિંદગીમાં એક એવો મોડ આવે છે, જ્યારે તે ખુદને વિચારવાં મજબુર કરે છે કે, મોહ, માયા, અને મમતાને કારણે, કે પછી પોતાનાં સ્વભાવને કારણે એણે જીવન વેડફી નાખ્યું, અથવા તો માનવ જીવનને જોઈએ એટલું સાર્થક કર્યું નહીં! પણ આ જ તો છે સંસારની આંટીઘૂંટી! જેમાં ઈશ્વરે તો માયાનો માત્ર એક ખેલ નાખ્યો છે, પછી તો આપણે જ એમાં અહમનો એકડો ઘૂંટતા ઘૂંટતા ફસાતાં ગયાં! બસ આપણને મળેલી આ તકને ઝડપી લઈએ, અને જીવનને સંવારી લઈએ. આજે ગુરુવાર અને એટલે પ્રાર્થનાનો ક્રમ! ગઈકાલે દિલ્હીમાં એક કારમાં બ્લાસ્ટ થયો, અને લગભગ આતંકવાદને કારણે વળી જાનહાનિ થઈ! આમ કોઈને કોઈ રીતે સમગ્ર વિશ્વમાં અશાંતિ પ્રવર્તી રહી છે! અને એટલે જ આજની અશાંતિ જોઈ યુગ પરિવર્તન થાય એવી દરેકની ઈચ્છા તો છે જ! યુગ પરિવર્તન માટે ખુદનાં અંતરમાં ઝાંકીને અથવા ચિંતન કરી શાંતિ માટે આગળ આવવું પડશે! આપણે સૌ જાણીએ છીએ કે ઘર પરિવારની અશાંતિ માટે મોહ અને મમતા કરતાં પણ વધુ અભિમાન કારણભૂત છે! અને અભિમાન જ્ઞાનનાં પ્રકાશને ઢાંકી દે છે, તો નરસિંહની આવી જ એક રચના કે જે જુગ જુગ ના અંધકારનું કારણ બતાવે છે, અને અહમ્ મુક્ત થઈ અજવાળું કરવા પ્રેરે છે, એને વિશે આજે ચિંતનમાં વાત કરીશું.

*નરસિંહ મહેતા*

(૧)અનંત જુગ વિત્યા રે પંથે રે હાલતાં
તોયે અંતર રહ્યું છે લગાર
પ્રભુજી છે રે પાસે રે, હરિ નથી વેગળા રે ,
આડો પડ્યો છે એન્કાર.

કવિ કહે છે દિવસે ને દિવસે પદ પ્રતિષ્ઠા અને ભોગ વિલાસની માનવીની ભૂખ વધતી જ જાય છે, અને એ જોતાં એવું લાગે છે કે માનવી અનંત યુગોથી આ માર્ગ પર ચાલે છે, પણ તોય હજી પ્રભુ સુધી પહોંચવા માટે થોડું અંતર રહીં ગયું છે, બાકી પ્રભુજી તો સાવ આપણી પાસે જ છે, જરાય વેગળા એટલે કે દૂર નથી, એ તો આપણો એન્કાર એટલે કે આપણો જ અહંકાર આડો પડ્યો છે, એટલે અંતર રહીં જાય છે.

(૨)દિનકર રૂંધ્યો રે જેમ વાદળે રે,
મટ્યુ અજવાળું ને થયો અંધકાર,
વાદળ ખસ્યું ને જેમ લાગ્યું દીસવા રે,
ભાનું કાંઈ દેખાયો તે વાર.

કવિ કહે છે કે આકાશમાં વાદળો આવે એટલે સૂર્યનાં અજવાળા જેમ ઢંકાઈ જાય છે અને આકાશમાં અંધારું થઈ જાય છે, બસ એ જ રીતે અજ્ઞાન ને કારણે જ્ઞાનનું અજવાળું ઢંકાઈ જાય છે! પણ જેમ વાદળ હટી જાય એટલે સૂર્ય દેખાય, બસ અજ્ઞાન ને હટાવવા જેટલી જ વાર છે, પછી તો જ્ઞાનનો સૂર્ય દેખાશે જ..

(૩)લોકડિયાની લાજું રે બાઈ,મેં તો ના'ણીઓ રે,
મેલી કાંઈ કુળ તણી મરજાદ,
જાદવાને માથે રે, છેડો લઈને નાખીયો રે,
ત્યારે પ્રભુવર પામી છઉં આજ.

કવિ જ્ઞાન અજ્ઞાન ની વાત પરથી સીધાં ભક્તિ રુપી પ્રેમનું શરણું સ્વીકારે છે, અને કહે છે કે મેં તો લોક લાજને છોડી દીધી, અને કુળ ની મર્યાદા મેલી ને કાના ને બધી રીતે પરખી લીધો, એતો દાણીયા જેવો છે, અને એટલે જ મારા જીવતરની ચૂંદડીનો છેડો એને માથે નાખ્યો, ત્યારે હું આજ એની જેવા પ્રેમ કરનારા પ્રભુવરને પામી છું.

(૪)નાવને સ્વરૂપે રે, બાઈ, એનું નામ છે રે,
માલમી છે એના સર્જનહાર,
નરસૈયાનો સ્વામી રે, જે કોઈ અનુભવે રે,
તે તો તરી ઉતારે ભવ પાર.

કવિ કહે છે જેનું નામ લેતાં આ ભવસાગર પાર થાય છે, એવું તો માલમી એટલે કે એવું મોભાદાર એનું વ્યક્તિત્વ છે, જાણે સકળ કળાનો સર્જનહાર છે. નરસિંહ આ પોતાનો અનુભવ છે એમ સહી સિક્કા કરીને કહે છે! કે આમ ને આમ નથી કહેતો જે કૃષ્ણ રુપી રુપ માધૂરી નું પાન કરે એનો આ ભવ ને પાર તરી ઉતરે.

નરસિંહનું પદ છે, એટલે લોક અને શ્લોકને જોડતી કડી રુપ બની વેદ વેદાંતનો સાર તો એમાં સહજ રીતે છૂપાયેલ હોય જ! એમાં કોઈ શંકા ને સ્થાન નથી! જોકે ઉદાહરણ પરથી અપાયેલો સીધો શબ્દ ભાવ પણ કંઈ સામાન્ય તો નથી જ! કારણ કે હું કંઈક છું એવાં અજ્ઞાન નાં અહંકારનું જે અંધારુ છે, એ ભલભલા બૌધ્ધિક પંડિતોનાં જ્ઞાનને ઢાંકી દે છે. અહંકાર એક એવો સાપ છે, જે વાતવાતમાં પૂંછડું પછાડે છે, અને એ ભક્તિનો ભાવ અનુભવવા દેતો નથી! એટલે જ્ઞાન રુપી સૂર્ય કાયમ પ્રકાશતો રહેશે જ, એવી કોઈ ગેરંટી નથી, અને એટલે નરસિંહ આ પદમાં સંકેત કરે છે, કે વાદળ હટતાં સૂર્ય તો દેખાય, અને એ રીતે અજ્ઞાન હટતાં જ્ઞાનનાં અજવાળા પ્રતિત થાય! એટલે કે ઈશ્વર દેખાય, પણ એને ભક્તિના ભાવ વગર અનુભવી શકાતો નથી! અને અનુભવ્યાં વગર ઈશ્વરનાં દિવ્ય ઐશ્વર્યને માણી શકાતું નથી ! એટલે એક એક ગોપી ને, એક એક કાન એમ દરેકમાં આપણાં પ્રાણપ્રિય એ જ ઈશ્વરનાં દર્શન થતાં નથી. ઉપરથી એ આપણી એટલો નજીક હતો, છતાં મેં જ એને ઓળખ્યો નહિ, અને એટલે ઈશ્વર નામે જે બીબા છે, એમાં હું શોધતી રહી! પણ એને શોધવા જવાની જરૂર જ નહોતી! અને પછી નરસિંહ ભક્તિની અંતિમ પરાકાષ્ઠા સુધી લઈ જઈ રુપનું અથવા તો નર નારી એમ જાતિનું અનુસંધાન છોડી સ્વરૂપ પર આવે છે, અને કહે છે, કે મેં તો એવો પ્રભુવર પામી લીધો છે, કે આ ભવસાગર તરવા માટે એનું નામ જ કાફી છે! જેમ આપણે કોઈવાર કોઈ કામ કઢાવવા કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિનું નામ આપીએ, અને સામેવાળા એમ સમજે, કે એને તો આની સાથે ઘરોબો હશે! એટલે એમ આપણું કામ થઈ જાય ! બસ પ્રભુનું નામ આપણી ભવ ભવની સમસ્યાનું નિવારણ કરે છે, અને આ રીતે ભક્તિ રુપી મુક્તિ પ્રાપ્ત થાય છે. આપણે અત્યાર સુધીમાં નરસિંહના ઘણા પદ નો રસાસ્વાદ કર્યો અને એમાં અહંકારને કારણે જ માનવી ઈશ્વરને જોઈ જાણી અને માણી શકતો નથી, એની પર ભાર મુકે છે. તો એનાં આવાં માર્મિક વચનો પર ભરોસો કરીને, આપણો આ અહંકાર જ કાળીનાગ જેમ આપણને કૃષ્ણ દર્શન માટેનો વિલન છે એ સત્યને સમજીએ અને અહંકારને નાથી શકીએ, નરસિંહ જેમ પ્રાણપ્રિય પ્રભુવરને પામીને આ ભવસાગર પાર ઉતરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ. તો એનાં આવાં માર્મિક વચનો પર ભરોસો કરીને, આપણો આ અહંકાર જ કાળીનાગ જેમ આપણને કૃષ્ણ દર્શન માટેનો વિલન છે એ સત્યને સમજીએ અને અહંકારને નાથી શકીએ, નરસિંહ જેમ પ્રાણપ્રિય પ્રભુવરને પામીને આ ભવસાગર પાર ઉતરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ(SIR) 2025- અમદાવાદ જિલ્લો

ગાંધીનગર, તા. 012

ચંડોળા તળાવ વિસ્તારનાં દબાણો દૂર કરાતાં સ્થળાંતર કરનારા મતદારો માટે તા. ૧૩ થી ૧૬ નવેમ્બર સુધી એન્યુમરેશન ફોર્મ સંદર્ભે ખાસ કેમ્પ યોજાશે, મતદારયાદી ખાસ સઘન સુધારણા અંતર્ગત તમામ લાયક મતદારોને આવરી લેવા માટેનું આયોજન, ચંડોળા તળાવ વિસ્તારના નાગરિકો દાણીલીમડા વોર્ડ ઓફિસ ખાતેથી એન્યુમરેશન ફોર્મ મેળવી શકાશે, અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ અંતર્ગત શહેર-જિલ્લાની ૨૧ વિધાનસભા વિસ્તારમાંથી એક પણ લાયક મતદારનું નામ મતદાર યાદીમાંથી બાકાત ન રહે તે માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં દબાણો દૂર કરવાના કારણે સ્થળાંતર કરનારા નાગરિકો માટે આગામી તા. ૧૩ થી ૧૬ નવેમ્બર સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.આ અંગે ૫૪-દાણીલીમડા (અ.જા.) વિધાનસભાના મતદાર નોંધણી અધિકારીની યાદીમાં જણાવ્યા અનુસાર શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં દબાણ દૂર કરવાની ઝૂંબેશના કારણે, વર્ષ-૨૦૨૫ની મતદારયાદીમાં નામો ધરાવતા અનેક મતદારો હાલ તે સ્થળે રહેતા નથી અથવા તો અન્યત્ર રહેવા ગયા છે. ત્યારે આવા મતદારો એન્યુમરેશન ફોર્મ મેળવવાથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે આ કેમ્પનું આયોજન કરાયું છે.

જે અંતર્ગત, ચંડોળા તળાવ વિસ્તારના મતદારો માટે દાણીલીમડા વોર્ડ ઓફિસ ખાતે સવારે નવ વાગ્યાથી બપોરે બે વાગ્યા સુધી એન્યુમરેશન ફોર્મનું વિતરણ કરવા ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ કેમ્પ ફક્ત ચંડોળા તળાવ, દાણીલીમડા વિસ્તારના મતદારો માટે જ યોજાશે અને તેમાં માત્ર એન્યુમરેશન ફોર્મ વિતરણની કામગીરી જ કરવામાં આવશે. જ્યારે તા. ૨૧ નવેમ્બર બાદ એન્યુમરેશન ફોર્મ પરત મેળવવા અલગથી કેમ્પ યોજવામાં આવશે. આમ, સંબંધિત તમામ મતદારોને આ કેમ્પનો લાભ લઈ, સમયમર્યાદામાં ફોર્મ મેળવી લેવા દાણીલીમડા મતવિસ્તારના ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યોછે. આ અંગે ૫૪-દાણીલીમડા (અ.જા.) વિધાનસભાના મતદાર નોંધણી અધિકારીની યાદીમાં જણાવ્યા અનુસાર શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં દબાણ દૂર કરવાની ઝૂંબેશના કારણે, વર્ષ-૨૦૨૫ની મતદારયાદીમાં નામો ધરાવતા અનેક મતદારો હાલ તે સ્થળે રહેતા નથી અથવા તો અન્યત્ર રહેવા ગયા છે. ત્યારે આવા મતદારો એન્યુમરેશન ફોર્મ મેળવવાથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે આ કેમ્પનું આયોજન કરાયું છે. જે અંતર્ગત, ચંડોળા તળાવ વિસ્તારના મતદારો માટે દાણીલીમડા વોર્ડ ઓફિસ ખાતે સવારે નવ વાગ્યાથી બપોરે બે વાગ્યા સુધી એન્યુમરેશન ફોર્મનું વિતરણ કરવા ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ કેમ્પ ફક્ત ચંડોળા તળાવ, દાણીલીમડા વિસ્તારના મતદારો માટે જ યોજાશે અને તેમાં માત્ર એન્યુમરેશન ફોર્મ વિતરણની કામગીરી જ કરવામાં આવશે. જ્યારે તા. ૨૧ નવેમ્બર બાદ એન્યુમરેશન ફોર્મ પરત મેળવવા અલગથી કેમ્પ યોજવામાં આવશે. આમ, સંબંધિત તમામ મતદારોને આ કેમ્પનો લાભ લઈ, સમયમર્યાદામાં ફોર્મ મેળવી લેવા દાણીલીમડા મતવિસ્તારના ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સંસારએ પણ સમુદ્ર છે. યેન કેન પ્રકારેણ આ ભવસાગર તરતા આવડવું જોઇએ એ કરી બતાવે તે વિદ્યા સાચી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો પિતાનું સર્વથા હિત ઈચ્છે એટલે સાંસારિક હિત નહીં પણઆત્મિક આધ્યાત્મિક હિત ઈચ્છેએ સુપુત્રએ પુત્ર પિતાનોને કુળનો તારનારો ગણાય.નૃસિંહ સ્વામી કહે છે,તારા સત્કર્મના પ્રતાપે તારા પિતાની સદગતિ થશે તારા જેવા પુત્રથી એકવીસ પેઢી નો ઉદ્ધાર થાય છે સાત માતૃપક્ષ ની,સાત પિતૃપક્ષની અને સાત શ્વસુરપક્ષની.આજ સુધી કોઈ દૈત્યને રાવણ શિશુપાલ વગેરેને પ્રભુએ ખોળામાં લીધા નથી,પણ પ્રહલાદને કારણે તેના પિતાને ગોદમાં લીધો છે. પ્રહલાદ જેવો ભગવદ ભક્ત પિતાને તારે તેમાં શું આશ્ચર્ય છે? છોકરો સદાચારી હોયને માતાપિતા દુરાચારી હોય તો પણ તેમને સદગતિ પ્રાપ્ત થાય છે. છોકરો દુરાચારી હોયને,માતા પિતા સદાચારી હોય તો પણ તેમની દુર્ગતિ થાય છે.

એક હંસ અને હંસી આનંદથી રહેતાં હતાં. હંસી સુંદર હતી. ફરતાં ફરતાં એક દિવસ સાંજ પડી ગઈ. તેથી બંને એક વૃક્ષ ઉપર આવ્યાં છે. ત્યાં કાગડાનો માળો હતો.હંસે રાત રહેવા માગણી કરી.કાગડાએ હંસ-હંસી ને પોતાના માળામાં રહેવા દીધા. બીજા દિવસે કાગડો હંસને કહે, હંસી તો મારીછે,હંસીને નહીં છોડું હંસ કહે,હંસી મારી છે.બંને ન્યાયાધીશ પાસે ન્યાય માટે ગયા. ન્યાયાધીશ કહે, તમારી હકીકત સાંભળ્યા પછી હું ન્યાય આપીશ. કાગડો વધુ હોંશિયાર. એકલો ન્યાયાધીશને મળવા ગયો અને ન્યાયાધીશને કહે,હંસી કાગડાની છે,એવો ન્યાય આપશોતો તમારા પિતૃઓ કઈ યોનિમાં છે તે હું તમને બતાવીશ. કાગડો પિતૃદૂત કહેવાય છે.એટલે પિતૃઓની વાત જાણવાના લોભે ન્યાયાધીશ તેમાં ફસાયો.

બીજે દિવસે ન્યાયાધીશે નિર્ણય આપ્યો.તેણે કહ્યું,હંસીને જે પહેલો આંબી જાય તેની હંસી! કાગડો પહેલો હંસીને આંબી ગયો ન્યાયાધીશ કહે કે,હંસી-કાગડાની છે.તે પછી ન્યાયાધીશ કાગડાને પૂછે છે કે,મારાંમાતાપિતા ક્યાં છે તે બતાવ?કાગડો તેને એક ઊકરડા પાસે લઈ ગયો અને કહ્યું આ કીડી તારી મા છે અને મંકોડો તારો પિતા છે.ન્યાયાધીશ બાપડો શરમાઈ ગયો.કહે કે આવું હોય નહીં.ત્યારે કાગડો કહે કે,જેનોપુત્ર આવો ખોટોન્યાય આપે તેનાંમાતા પિતાની આવી જ ગતિ થાય છે.

જે પિતા પુત્રને સારા સંસ્કાર ન આપે તે પિતા પુત્રનો વેરી છે.તે પોતાનુંને પુત્રનું બેયનું બગાડે છે. ભગવાનના મારમાં પણ દયા છે. શિશુપાલ વેરભાવથી ભગવાનનું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો.કંસ ભયથી ભગવાનનું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો. કામભાવથી ગોપીઓની તન્મયતા થઈ હતી.દ્ઢ વેરભાવ થી અથવા તો ભક્તિભાવથી, ભયથી,સ્નેહથી કે કામનાથી કોઈ પણ રીતે ભગવાનમાં મનુષ્યે પોતાનું મન સંપૂર્ણપણે લગાવવું જોઈએ. ભગવાનની દૃષ્ટિએ આ ભાવોમાં ભેદ નથી.કારણ કે ભગવાન સર્વભાવોથી પર છે. ભ ગ વા ન ના દ્વારપાળજય-વિજય ના ત્રણ અવતારો નીચે પ્રમાણે થયા છે: ૧. હિરણ્યાક્ષ-હિરણ્યક શિપુએ લોભનો અવતાર છે.૨. રાવણ-કુંભકર્ણ કામનો અવતાર છે.૩.શિશુપાલ-દંતવત્રએ



ક્રોધનો અવતાર છે.

પ્રહલાદજીએ પિતાના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો,પછી બ્રહ્માજી એ પ્રહલાદનો રાજ્યાભિષેક કર્યો પ્રહલાદ નૃસિંહસ્વામીને વંદન કરી રાજ્યાસન પર બેઠો.

નારદજીએ ધર્મરાજાને પ્રહલાદની કથા સંભળાવી પણ ધર્મરાજા યુધિષ્ઠિર લમણે હાથ રાખી ઉદાસ થઈ બેઠા છે. નારદજીએ યુધિષ્ઠિરને ઉદાસીનતાનું કારણ પૂછ્યું. ધર્મરાજા જવાબ આપે છે, પાંચ વર્ષના પ્રહલાદનું જ્ઞાન, વૈરાગ્ય જોઈ હું દંગ થાઉં છું. એ બાળકનું વચન સત્ય કરવા પ્રભુ ! સ્તંભમાંથી પ્રગટ થયા અને હું પંચાવન વર્ષનો થયો,તોયે મને હજુ એક વખત પણ પ્રભુનાં દર્શન થયા નથી. ધિક્કાર છે મને ભગવાનની ભક્તિ વિના. તેના દર્શન વિના મારું જીવન વૃથા ગયું તેથી મને દુઃખ થાય છે. તેથી મારા મુખ ઉપર ગ્લાનિ છે.ધર્મરાજા વિચારે છે,કામ ઘણું કર્યું,પણ જે કરવાનું હતું તે થયું નહીં. ભગવાનને માટે મેં કાંઈ કર્યું નહીં, ત્યારે આપણને એવો વિચાર આવે છે ખરો?

સુંદર શરીર હોય,નવોઢા સ્ત્રીહોય મેરુ પર્વત જેટલું ધન હોય,કીર્તિ નો ધજાગરો ચડ્યો હોય,આ બધું હોય તેમ છતાં જો શ્રીહરિનાં ચરણમાં ચિત્ત ન ચોંટ્યું હોય તો એ બધાને શું કરવાનાં?એકડા વિનાના સો મીંડાંની કિંમત શું?

ખરેખર જગતની પ્રતિષ્ઠા,પૈસો કે વિદ્વત્તા અંતકાળમાં બિલકુલ ઉપયોગમાં આવશે નહીં અને જે વિદ્યા અંતકાળે કામ ન આવે તે વિદ્યા શું કામની?

એક વખત એક નાવડીમાં પંડિતો મુસાફરી કરી રહ્યા હતા. તેઓ હોડી હંકારનાર માછીને પૂછે છે, તું ઈતિહાસ ભણ્યો છે? ઈંગ્લૅન્ડમાં એડવર્ડો કેટલા થયા તે જાણે છે?માછી કહે,હું ઈતિહાસ બિતિહાસ કાંઈ જાણતો નથી.

પંડિતો માછીને કહે,ત્યારે તારી પા જિંદગી નકામી ગઈ. તને ભૂગોળ નું જ્ઞાન છે? લંડન શહેરની વસ્તી કેટલી છે?

માછી કહે, હું કાંઈ જાણતો નથી. એટલે પંડિતો કહે, તારી અડધી જિંદગી નકામી ગઈ.તે શેક્સ પિયર નાં નાટકો વાંચ્યા છે? માછી કહે, હું કાંઈ જાણતો નથી! એટલે પંડિતો માછીને કહે,તોતારી પોણી જિંદગી પાણીમાં ગઈ એટલામાં સમુદ્રમાં તોફાન શરૂથયું માછીએ પંડિતોને પૂછ્યું, હવે આ નાવ ડૂબી જાય એમ લાગે છે. તમને બધાને તરતાં આવડે છે? પંડિતો કહે,ના,એ તો આવડતું નથી

ત્યારે માછી પંડિતોને કહે,તો તમારી આખી જિંદગી પાણીમાં ગઈ!પછી નાવ તોફાનમાં ઊંધી વળી ગઈ. માછી તરીને બહાર આવ્યો પણ પંડિતો ડૂબી ગયા.

રામકૃષ્ણ પરમહંસ આ દૃષ્ટાંત વારંવાર આપતા.સંસાર એ પણ સમુદ્ર છે.યેનકેન પ્રકારેણ આ ભવસાગર તરતા આવડવું જોઇએ એ કરી બતાવે તે વિદ્યા સાચી.ભવ સાગરને તરવા માટે ભગવાનનું ભજન એ જ સાચી વિદ્યા છે.જે એ વિદ્યા શીખ્યો નથીને કેવળ સાંસારિક વિદ્યાનો પંડિત બનીને બેઠો છે.તે અભિમાનથી ફૂલાય છે તે ડૂબવાનો જ છે.જે વિદ્યા અંત કાળે પરમાત્માનાં દર્શન ન કરાવે તે વિદ્યા જનથી માત્ર ભાર છે. ભાર જેમ ડૂબાડે તેમ આ વિદ્યા પણ ડુબાડે, તારે નહીં.શ્રી કૃષ્ણ પોતે ધર્મરાજાની સભામાં વિરાજતા હતા,પરંતુ તેમના સ્વરૂપને ધર્મરાજા હજુ જાણતા નથી. ઠાકોરજી પોતાના સ્વરૂપને છૂપાવે છે. એમની કૃપા હોય તેને જ એ સ્વરૂપનું દર્શન કરાવે છે. આજે છેલ્લે એક વાત જોઈએ

રાકેશકુમાર નામનો એક કર્મચારી વીસ વર્ષથી સરકારી ઓફિસમાં કામ કરી રહ્યો હતો. તે સમયસર પહોંચતો અને ક્યારેય પોતાના કામમાં બેદરકારી દાખવતોનહોતો પરંતુ તેની એક આદત હતી:તે ક્યારેય પોતાના કામનો દેખાડો કરતો નહોતો. ઓફિસમાં બીજા લોકો ઘણીવાર બોસને હેરાન કરતા,નાની નાની વિગતોને પણ અતિશયોક્તિ કરીને પોતાનો પ્રોફાઇલ ઉંચો કરતા અને ઝડપી પ્રમોશન મેળવતા.

રાકેશ ફક્ત હસતો.તે વિચારતો 'મને મારા કામના આધારેપ્રમોશન જોઈએ છે, ખુશામતના આધારે નહીં.'એક દિવસ,એક નવો અધિકારી,સરદારસિંહ આવ્યો. તેના પહેલા અઠવાડિયામાં,તેણે જોયું કે બધા તેની સામે ખુરશી ખેંચી રહ્યા છે,રિપોર્ટ્સ બતાવી રહ્યા છે,પરંતુ એક વ્યક્તિ તેના ખૂણામાં શાંતિ થી કામ કરી રહ્યો હતો:રાકેશ.એક દિવસ,સરદારે તેને ફોન કરીને પૂછ્યું, 'રાકેશ,તું આટલો શાંત કેમ છે?તને પ્રમોશન નથી જોઈતું?'

રાકેશ સહેજ હસ્યો અને કહ્યું, 'સાહેબ,પ્રમોશન મળવું સારું છે, પણ જો કામનું સન્માન ન થાય, તો પદ નકામું છે.'

આ વાત સરદારના હૃદયને સ્પર્શી ગઈ. થોડા મહિના પછી, મંત્રાલય તરફથી એક આદેશ આવ્યો કે વિભાગમાં એક ખાલી અધિકારી ની જગ્યા ખાલી પડી છે અને એક કર્મચારીને તે પદ પરથી બઢતી આપવામાં આવશે.બધા કર્મચારીઓ મનીષની આસપાસ ભેગા થયા અને તેની પ્રશંસા કરી. તેઓએ ષડયંત્રનું જાળું ગૂંથવાનું શરૂ કર્યું. કેટલાકે મોંઘી ભેટો આપી, તો કેટલાકે મીઠા શબ્દો આપ્યા. પણ મનીષ શાંત રહ્યો.

તે ફક્ત ફાઈલો અને રેકોર્ડ જોવા લાગ્યો,કોણે મહેનત કરી અને પ્રામાણિકપણે કામ કર્યું તેની તપાસ કરી.જ્યારે યાદી આવી, ત્યારે બધા આશ્ચર્યચકિત થઈ ગયા રાકેશકુમારને પ્રમોશન મળ્યું.

બીજાઓએ ટોણો માર્યો, 'તું નસીબદાર છે, નહીંતર,તું ક્યાં હોત?'

રાકેશે ફક્ત કહ્યું, 'કદાચ આજે, કોઈએ નસીબ જોયું નહીં, પણ તારા કાર્યો જોયા.'

થોડા દિવસો પછી, સરદારે કહ્યું, 'રાકેશ,તારું પ્રમોશન ફક્ત રિપોર્ટ્સ વિશે નહોતું,તે તારા વિચારો વિશે પણ હતું. મેં જોયું કે તું ક્યારેય ફરિયાદ કરતો નથી, તું ફક્ત કામ કરતો હતો. એ જ સાચા નેતૃત્વની નિશાની છે.'

રાકેશની આંખો ચમકી ગઈ. તેને સમજાયું: પ્રમોશન ફક્ત પદ વિશે નથી; તે તારા કામ દ્વારા તમે જે વિશ્વાસ મેળવો છો તેનો પુરાવો છે. અસ્તુ.

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ લીડ બેન્ક દ્વારા 'તમારા નાણાં, તમારા અધિકારો' કાર્યક્રમનું આયોજન

**ગાંધીનગર, તા. 12**

ભારત સરકારના માર્ગદર્શન હેઠળ લીડ બેન્ક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા જિલ્લાના ગ્રાહકોમાં નાણાકીય જાગૃતિ અને અધિકારો વિશે માર્ગદર્શન આપવા માટે એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'તમારા નાણાં, તમારા અધિકારો'('YOUR MONEY, YOUR RIGHTS') અંતર્ગત યોજાનાર પબ્લિક અવેરનેસ પ્રોગ્રામ આગામી તારીખ ૧૪ નવેમ્બર, ૨૦૨૫, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરદાર વલ્લભ ભાઈ પટેલ મેમોરિયલ હોલ, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાશે. જિલ્લાની બેન્કોના ખાતામાં પડેલી દાવા વગરની રકમ એટલે કે અનક્લેમ રકમ લોકોને પરત આપવા માટે કેન્દ્ર સરકારે શરૂ કરેલા અભિયાન અંતર્ગત 'તમારા નાણાં, તમારા અધિકારો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગ્રાહકોને તેમની અનક્લેમ રકમ એટલે કે દાવા વગરની રકમ મેળવવા માટે મદદ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન લીડ બેન્ક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમનો ઉદ્દેશ ગ્રાહકોને તેમના નાણાકીય હક્કો અને સાક્ષરતા વિશે સંપૂર્ણ જાણકારી પૂરી પાડવાનો છે. અમદાવાદના તમામ નાગરિકોને આ મહત્વપૂર્ણ માર્ગદર્શનનો લાભ લેવા માટે ઉપસ્થિત રહેવા માટે લીડ બેન્ક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા અપીલ કરવામાં આવે છે. આ અંગે વધુ માહિતી અને સહાયતા માટે નાગરિકો પોતાની બેંક શાખાનો સંપર્ક કરી શકે છે. કાર્યક્રમનો ઉદ્દેશ ગ્રાહકોને તેમના નાણાકીય હક્કો અને સાક્ષરતા વિશે સંપૂર્ણ જાણકારી પૂરી પાડવાનો છે. અમદાવાદના તમામ નાગરિકોને આ મહત્વપૂર્ણ માર્ગદર્શનનો લાભ લેવા માટે ઉપસ્થિત રહેવા માટે લીડ બેન્ક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા અપીલ કરવામાં આવે છે. આ અંગે વધુ માહિતી અને સહાયતા માટે નાગરિકો પોતાની બેંક શાખાનો સંપર્ક કરી શકે છે.

## નડિયાદમાં "નકશા (NAKSHA)" પ્રોજેક્ટ અંતર્ગત ૧૩ નવેમ્બરથી ડ્રોન ફ્લાઈટ દ્વારા મિલકતોનું સર્વે શરૂ

**નડિયાદ, તા. 12**

નડિયાદ શહેરમાં ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ "નકશા પ્રોજેક્ટ" અંતર્ગત શહેરની તમામ મિલકતોનું સર્વેક્ષણ હવે અદ્યતન ડ્રોન ટેકનોલોજી દ્વારા કરવામાં આવશે.

આ પ્રોજેક્ટનો હેતુ શહેરની દરેક મિલકતનો સચોટ નકશો તૈયાર કરવાનો, જમીન અને મકાનના સીમા નિર્ધારણને પારદર્શક બનાવવાનો તથા અંતે દરેક મિલકતધારકને ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ પ્રદાન કરવાનો છે. આ કાર્ડ દ્વારા માલિકીની માહિતી વધુ વિશ્વસનીય અને સરળતાથી ઉપલબ્ધ બનશે. કામગીરીનો સમયગાળો. ડ્રોન ફ્લાઈટ કામગીરી ૧૩ નવેમ્બરથી ૨૮ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન હાથ ધરાશે. દરરોજ સવારના ૯:૦૦થી સાંજના ૫:૦૦ કલાક દરમિયાન નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારના વિવિધ વિસ્તારોમાં ડ્રોન ઉડાન ભરશે.



- **પ્રોજેક્ટનો હેતુ આ નકશા પ્રોજેક્ટના માધ્યમથી— •નડિયાદ શહેરના જમીન રેકોર્ડને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવશે,**
- **•મિલકતોના નકશા અને દસ્તાવેજોમાં ગેરસમજ અથવા વિવાદો દૂર થશે,**
- **•ભવિષ્યમાં નગરયોજનાની આયોજન પ્રક્રિયા વધુ વૈજ્ઞાનિક અને પારદર્શક બનશે.**
- **આ રીતે "નકશા" પ્રોજેક્ટ નડિયાદ શહેરને સ્માર્ટ સિટી તરફ આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.**

કુલ ૩ ડ્રોન અને તેની ટેકનિકલ ટીમો દ્વારા આ કામગીરી સુવ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવશે. નગરજનોને અપીલ જિલ્લા વહીવટી તંત્ર અને નડિયાદ મહાનગરપાલિકા તરફથી નગરજનોને અપીલ કરવામાં આવે છે કે– આ સમયગાળા દરમિયાન આકાશમાં જો ડ્રોન કે UAV ઉપકરણ ઉડતું દેખાય, તો ભય કે શંકા ન રાખે. અફવાઓથી દૂર રહી ડ્રોન સર્વે ટીમને સહયોગ આપે. જો ડ્રોન કામગીરી દરમિયાન કોઈ જરૂરી માહિતી અથવા માર્ગદર્શન જોઈએ, તો નગરપાલિકા કાર્યાલયનો સંપર્ક કરી શકાય છે.

## ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં રવિ સીઝન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ખેડા, તા. 12**

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના બનાના મુવાડા અને નિઝામીયા ગામોમાં રવિ સીઝન માટેના વિશેષ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂત સમુદાયને આગામી રવિ સીઝન માટેની આધુનિક અને ટકાઉ ખેતી પદ્ધતિઓથી વાકેફ કરવાનો હતો. કાર્યક્રમમાં ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો અને વ્યવહારિક અમલ અંગે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષજ્ઞોએ સમજાવ્યું કે કેવી રીતે ઓછા ખર્ચે, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કર્યા વિના, ઉચ્ચ ગુણવત્તાવાળું અને પોષકતત્વોથી ભરપૂર ઉત્પાદન મેળવી શકાય છે. ખેતીમાં પ્રાકૃતિક ખાતરો (જેમ કે જીવામૃત)ના ઉપયોગની પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે, ખેડૂત ભાઈઓ-બહેનોને મિશ્ર પાક પદ્ધતિ (Intercropping) હેઠળ કયા પાકોનું યોગ્ય સંયોજન કરી શકાય તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મિશ્ર પાક પદ્ધતિ અપનાવવાથી જમીનના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે, જંતુઓનો ઉપદ્રવ ઘટે છે અને પાકની નિષ્ફળતાનું જોખમ ઘટાડીને ખેડૂતોની આવક સ્થિર રહે છે તે અંગે સમજૂતી આપવામાં આવી હતી. કપડવંજ તાલુકાના ખેડૂતોએ આ માહિતીપ્રદ કાર્યક્રમનો લાભ લઈને, રવિ સીઝનમાં નવી અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવવાની તૈયારી દર્શાવી હતી. આ જાગૃતિલક્ષી કાર્યક્રમને સફળ બનાવવા માટે કપડવંજ તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કપડવંજ તાલુકા પ્રોજેકટ મેનેજર ભૂમિકાબેન પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ શ્રી બાબુભાઈ બારિયાએ હાજર રહીને ખેડૂતોનું પ્રોત્સાહન વધાર્યું હતું અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ જાગૃતિલક્ષી કાર્યક્રમને સફળ બનાવવા માટે કપડવંજ તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કપડવંજ તાલુકા પ્રોજેકટ મેનેજર ભૂમિકાબેન પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ શ્રી બાબુભાઈ બારિયાએ હાજર રહીને ખેડૂતોનું પ્રોત્સાહન વધાર્યું હતું અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

## પેન્શનરો માટે ખુશખબર : હવે ઘર બેઠા પોસ્ટમેન દ્વારા મળશે બાયોમેટ્રિક આધારિત ડિજિટલ જીવન પ્રમાણપત્ર - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા. 12**

પેન્શનરોને હવે જીવન પ્રમાણપત્ર જમા કરવા માટે ટ્રેઝરી, બેંક અથવા અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી. પેન્શનરો તેમની નજીકની પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવક દ્વારા બનાવેલ ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવી શકે છે. આ માટેની ફી ફક્ત 70 છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન મોકલવામાં આવશે. આનાથી પેન્શન મેળવવામાં કોઈપણ વિક્ષેપ ટાળી શકાશે. આ માહિતી અમદાવાદના ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા, તમામ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગોના પેન્શનરોને તેમના ઘરે ડિજિટલ જીવન પ્રમાણપત્ર આપવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ડોરસ્ટેપ ડીએલસી સેવા દ્વારા ખૂબ જ વરિષ્ઠ અને દિવ્યાંગ પેન્શનરો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ પહેલ 'ડિજિટલ ઈન્ડિયા' ના વિઝનને મજબૂત બનાવવા અને નાગરિકોના ઘરઆંગણે સરકારી સેવાઓ પહોંચાડવા તરફ પોસ્ટ વિભાગનું એક મહત્વપૂર્ણ પગલું છે. ટપાલ વિભાગ હવે ફક્ત પોસ્ટ પહોંચાડતું નથી, પરંતુ નાગરિકોને તેમના ઘરઆંગણે ડિજિટલ સેવાઓ પણ પૂરી પાડે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પેન્શનરો આ સુવિધા મેળવવા માટે તેમના સ્થાનિક પોસ્ટમેનનો સંપર્ક કરી શકે છે. તેમણે પોતાનો આધાર નંબર, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી, બેંક અથવા પોસ્ટ ઓફિસ બચત ખાતા નંબર અને પીપીઓ નંબર આપવાની જરૂર પડશે. પ્રમાણપત્ર બનાવવાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી, પેન્શનરોને તેમના મોબાઈલ નંબર પર એક પુષ્ટિકરણ એસએમએસ પ્રાપ્ત થશે, અને પ્રમાણપત્ર બીજા દિવસે https://jeevanpramaan.gov.in/ppouser/login પર ઓનલાઈન જોઈ શકાશે અને તેમના ઈમેઈલ આઈડી પર પણ મોકલવામાં આવશે. આ પહેલનો હેતુ ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન જેવી ડિજિટલ પ્રક્રિયાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે, જેનાથી બધા પેન્શનરો, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને અનુકૂળ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત સંબોધન (24 નવેમ્બર, 2024) અને બંધારણ દિવસ સંબોધન (26 નવેમ્બર, 2024) માં, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જેવી ડિજિટલ ઈન્ડિયા પહેલોએ દેશભરના વરિષ્ઠ નાગરિકો માટે પેન્શન પ્રક્રિયાને કેવી રીતે સરળ બનાવી છે તે પર પ્રકાશ પાડ્યો હતો. કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના પેન્શન અને પેન્શનરો કલ્યાણ વિભાગ (DOPPW) 1 થી 30 નવેમ્બર, 2025 દરમિયાન રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ 4.0 નું આયોજન કરી રહ્યું છે. ડિજિટલ ઈન્ડિયા અને જીવનને સરળ બનાવવાના હેતુને સાકાર કરતું આ અભિયાન પેન્શનરોના ડિજિટલ સશક્તિકરણ તરફ સરકારના દૃષ્ટિકોણ હેઠળની એક મહત્વપૂર્ણ પહેલ છે. ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન 4.0નું લક્ષ્ય "સંતૃપ્તિ આધારિત પહોંચ" અભિગમ દ્વારા 2,000થી વધુ શહેરો અને નગરોમાં બે કરોડ પેન્શનરો સુધી પહોંચવાનું છે.

## ખેડા જિલ્લામાં માર્ગ મરામત અને વિકાસના કાર્યો ગતિમાન



**ખેડા, તા. 12**

ખેડા જિલ્લામાં તાજેતરના વરસાદને કારણે માર્ગોમાં થયેલ નુકસાનની તાત્કાલિક મરામત તથા માર્ગ સુવિધાઓના સુધારણા માટે જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિવિધ તાલુકાઓમાં માર્ગ સંબંધી કામગીરી હાથ ધરવામાં આવી છે. કપડવંજ તાલુકામાં અપ્રુજી કાકરખાડ-સરખેજ રોડ પર વરસાદને કારણે થયેલ નુકસાનની સ્થળપર ડામર પેચની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ કામગીરીથી સ્થાનિક વાહનવ્યવહાર ફરીથી સરળ અને સુરક્ષિત બન્યો છે. કપડવંજ તાલુકામાં દાસલવાડા-આંત્રોલી-ખડાલ રોડ (સેક્શન : આંત્રોલી-ખડાલ) જે માર્ગ વાયડનિંગ માટે મંજૂર થયેલ છે, તેની કુલ ૭.૦૦ કિમી લંબાઈના માર્ગ પર ડામરિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માર્ગ પૂર્ણ થયા બાદ તાલુકાના ગ્રામિણ વિસ્તારો વચ્ચેના સંપર્ક અને પરિવહનમાં નોંધપાત્ર સુવિધા ઉપલબ્ધ થશે. તે સાથે વસો તાલુકાના ડભાણ એપ્રોચ રોડ તથા માતર તાલુકાના લીંબાસી-મરાલા રોડ પર રિસરફેસિંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીથી વાહનચાલકોને વરસાદી ઋતુ બાદ પણ સરળ વાહનવ્યવહાર મળી રહે તે હેતુસર વિભાગ કાર્યરત છે. જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા જણાવાયું છે કે જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ જરૂરી મરામત અને સુધારણા કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે જેથી પ્રજાને સુવિધાજનક અને સલામત માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકે.

## દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનાં ગામડી PHC ખાતે આરોગ્ય કિરણ અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 12**




આજરોજ પી.એસ.સી ગામડી 2 ગામે માન્ય.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદય ટીલાવત સાહેબ તથા ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.તુષાર ભાભોર સાહેબ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા"ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ યોજવામાં આવ્યો. આરોગ્ય કિરણ કાર્યક્રમ હેઠળ નીચે મુજબ સેવાઓ આપવામાં આવી : સગર્ભા મહિલાની તપાસ, આભા કાર્ડ નોંધણી, પી.એમ.જે. એ.વાય. કાર્ડ સેવા, જનરલ આરોગ્ય તપાસ, એન.સી.ડી. તપાસ (ડાયાબિટીસ, બ્લડપ્રેશર વગેરે), સીકલ સેલ તપાસ,ટી.બી. તપાસ, લેબોરેટરી તપાસ, મેલેરિયા તપાસ, રસીકરણ સેવા આપવામાં આવી. જેમાં મેડિકલ ઓફિસર શ્રી ડોક્ટર અર્ચના સોલંકી ફીમેલ સુપરવાઈઝર શ્રી MPHW (ગામડી - 2) ચોહાણ જયેશ. CHO,fhw, આશા બેનો અને તમામ મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા.

## ઇફ્કો અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે મુલાકાત કરી

**ગાંધીનગર, તા. 12**

ભારત-જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત, ઈફ્કો (IFFCO) ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે અમાન ખાતે પ્રધાનમંત્રી નિવાસ ખાતે મુલાકાત કરી હતી. આ સૌહાર્દપૂર્ણ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ખાતર ઉદ્યોગના વિકાસ, નવીન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા જેવા



મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. પ્રધાનમંત્રી શ્રી જાફર હસને ભારત-જોર્ડન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં સહકાર બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા આપશે। શ્રી દિલીપ સંઘાણીએ જોર્ડન સરકારના સહયોગ અને સમર્થન માટે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે ઈફ્કો અને જિફ્કો (JIFCO) ના સંયુક્ત પ્રયાસોથી આગામી સમયમાં ખાતર ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થશે, જેનો સીધો લાભ બંને દેશોના ખેડૂતોને મળશે। આ પ્રસંગે જિફ્કો (JIFCO) ના અધ્યક્ષ પ્રો. મહમ્મદ કે. થનૈબત, ઈફ્કો મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ, ઉપ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રસ્તા સમારકામની કામગીરી પ્રગતિમાં : આ કામો પૂર્ણ થતાં ગ્રામિણ વિસ્તારમાં વધુ સુવિધા પ્રાપ્ત થશે**

# અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા પેચવર્ક તથા રસ્તાને કાચામાંથી ડામર રોડ બનાવવા અને રીસર્ફેસિંગની કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ

**ગાંધીનગર, તા. 12**

અમદાવાદ જિલ્લામાં કમોસમી વરસાદના વિરામ બાદ રસ્તા ઉપર પેચવર્ક તથા રસ્તાને કાચામાંથી ડામર રોડ બનાવવા, રસ્તાને રીસર્ફેસિંગની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. હાલમાં અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રસ્તાઓના ડામર કામ પ્રગતિમાં છે. આ કામો પૈકી દસકોઈ તાલુકામાં નેશનલ હાઈવે ૪૭ (અમદાવાદ ઈન્દોર હાઈવે) થી ભાવડા ઉંદરેલ મામાકાનો માર્ગ એ જિલ્લાનો મુખ્ય માર્ગ છે. આ રસ્તાની હયાત ડામર સપાટીની પહોળાઈ ૫.૫૦ મીટર તથા રસ્તાની લંબાઈ ૮.૬૦ કિ.મી. છે. આ રસ્તામાં હાલમાં ડામર કામગીરી પ્રગતિમાં છે. જેના પરિણામે ભાવડા, બાકરોલ જેવા ગામો કે, જેમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો આવેલા છે તથા આ ગામોની અમદાવાદ શહેર સાથેની નિકટતાને કારણે આવનાર દિવસોમાં વિકાસ પામનાર એસ્ટેટોના નવીનીકરણ માટે આવનાર કોમર્શિયલ વાહનો તથા ભવાડા, ઉંદરેલ, હીરાપુર, હરણીયાવ જેવા ગામોની અંદાજિત ૧૫,૦૦૦ જેટલી વસ્તીને આ રસ્તો બનવાથી વાહન વ્યહવાર અને અવર-જવરમાં વધુ સુવિધા પ્રાપ્ત થશે. જ્યારે દસકોઈ તાલુકાના અન્ય રસ્તાઓ જેવા કે, પિરાણા, નાઝ, જેતલપુર કે, જે જિલ્લાનો મુખ્ય માર્ગ માર્ગ છે અને જેની લંબાઈ ૫.૬૦ કિ.મી. છે અને હયાત ડામર સપાટીની પહોળાઈ ૧૦.૦૦ મીટર છે . આ રસ્તો એ નેશનલ હાઈવે ૬૪ (અમદાવાદ-વડોદરા હાઈવેને અને સરદાર પટેલ રિંગ રોડને જોડતો અગત્યનો માર્ગ છે) આ માર્ગનું ડામરકામ આવનાર ૧૦ દિવસમાં શરૂ કરવામાં આવનાર છે. જેના કારણે આ રસ્તા ઉપર આવેલ ઔદ્યોગિક એકમો તથા પિરાણા, નાઝ, ગીરમથા, મીરોલી જેવા ગામોની અંદાજિત ૧૨,૦૦૦ જેટલી વસ્તીને અમદાવાદ શહેરમાં અવર જવર માટે સરળતા પુરી પાડશે. તે ઉપરાંત, વટવા, ગામડી, ચોસર, જેતલપુર રોડ એ અન્ય જિલ્લા કક્ષાના માર્ગ છે. આ રસ્તાની હયાત ડામર સપાટીની પહોળાઈ ૫.૫૦ મીટર તથા લંબાઈ ૮.૦૦ કિ.મી. છે. આ રસ્તો અમદાવાદ શહેરના વટવા વિસ્તારને જેતલપુર સ્વામિનારાયણ મંદિર સાથે જોડતો અગત્યનો રસ્તો છે. આવનારા ૨ દિવસની અંદર આ રસ્તાનું ડામર કામ શરૂ થનાર છે. નવીન ડામર રોડ બનવાથી આ રસ્તાની બંને બાજુ આવેલ ઔદ્યોગિક એકમો, આધારશિલા શાળા, NSIT જેતલપુર એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, રાહદારીઓ, ગામના રહેવાસીઓ તથા પ્રસિદ્ધ જેતલપુર સ્વામિનારાયણ મંદિરે દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓને નવીન ડામર રોડ થવાથી મુસાફરીમાં સરળતાથશે.





## ભારત-આફ્રિકા વન-ડે સીરિઝમાં શ્રેયસ અય્યર વાપસી કરશે? જાણો BCCIનો શું છે પ્લાન




મુબઈ, તા. 12

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર મિડલ ઓર્ડર બેટર શ્રેયસ ઐયર ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની આગામી ODI સીરિઝમાં રમે તેવી શક્યતા ઓછી છે. ઓસ્ટ્રેલિયા સામેની ODI સીરિઝ દરમિયાન ફિલ્ડિંગમાં થયેલી ગંભીર ઈજાને કારણે BCCI અને પસંદગી સમિતિ બંને તેમની વાપસી અંગે કોઈ ઉતાવળ કરવા માંગતા નથી. ICUમાં દાખલ થવું પડ્યું હતું, શ્રેયસ ઐયરને ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં રમાયેલી ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ (26 ઓક્ટોબર) મેચ દરમિયાન ગંભીર ઈજા પહોંચી હતી. એલેક્સ કેરીનો કેચ પકડતી વખતે ભારતીય ટીમના વાઈસ-કેપ્ટન શ્રેયસને ડાબી પાંસળીમાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજા એટલી ગંભીર હતી કે આંતરિક રક્તસ્રાવ (Internal Bleeding) થવાને કારણે તેમને તાત્કાલિક સિડનીની એક હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં દાખલ કરવા પડ્યા હતા. જોકે, સ્વાસ્થ્યમાં સુધારો થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.BCCIનો પ્લાન: વાપસીમાં ઉતાવળ નહીં, અહેવાલો અનુસાર, શ્રેયસ ઐયર 30મી નવેમ્બરથી શરૂ થનારી દક્ષિણ આફ્રિકા ODI સીરિઝમાં રમે તેવી સંભાવના નહિવત્ છે. બેટર શ્રેયસ ઐયરને સંપૂર્ણપણે ફિટ થવામાં સમય લાગશે અને બોર્ડ તેમજ પસંદગી સમિતિ તેની વાપસી સાથે કોઈ જોખમ લેવા માંગતું નથી. શ્રેયસ મહત્ત્વપૂર્ણ ખેલાડી, શ્રેયસ ઐયરને ભારતની ODI ટીમનો મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે અને તેઓ ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં ટીમના સૌથી સફળ બેટરોમાંના એક હતા. તેમની સંપૂર્ણ ફિટનેસ આગામી મોટા ટૂર્નામેન્ટો માટે નિર્ણાયક છે. આ સંજોગોમાં, ભારતીય ટીમ મેનેજમેન્ટ શ્રેયસને સંપૂર્ણ ફિટનેસ અને આરામ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## BCCIના કડક નિર્દેશ બાદ રોહિત શર્માએ લીધો તાત્કાલિક નિર્ણય

મુબઈ, તા. 12




ટેસ્ટ અને T-20 ક્રિકેટમાંથી સંન્યાસ લઈ ચૂકેલા વિરાટ કોહલી અને રોહિત શર્મા માટે ટીમ ઈન્ડિયાનો માર્ગ હવે ઘરેલુ મેદાનથી પસાર થશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ બંને સિનિયર ખેલાડીઓને સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે જો તમે વન-ડે ટીમનો હિસ્સો બનવા માગો છો તો, તમારે ઘરેલુ ક્રિકેટ રમવું ફરજિયાત છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે બોર્ડ અને ટીમ મેનેજમેન્ટે બંને ખેલાડીઓને જણાવી દીધું છે કે, જ્યારે પણ ઈન્ટરનેશનલ શેડ્યૂલમાં ગેપ મળે ત્યારે વિજય હજારે ટ્રોફી અથવા અન્ય ઘરેલુ ટૂર્નામેન્ટમાં હિસ્સો લેવો. તેનો ઉદ્દેશ્ય સીનિયર ખેલાડીઓની મેચ ફિટનેસ અને લય બની રહે અને તેઓ લાંબા બ્રેક બાદ સીધા ઈન્ટરનેશનલ મેચમાં ન ઉતરે. રોહિત શર્માએ મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) ને જાણ કરી દીધી છે કે તે વિજય હજારે ટ્રોફીમાં રમવા માટે ઉપલબ્ધ રહેશે. રોહિતનો આ નિર્ણય ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ કડક નિર્દેશ આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે સીનિયર ખેલાડીઓએ ટીમ ઈન્ડિયામાં પસંદગી માટે દાવેદારી જાળવી રાખવા માટે ઘરેલુ ક્રિકેટમાં હિસ્સો લેવો ફરજિયાત છે, ખાસ કરીને ભવિષ્યની વન-ડે સીરિઝ અને 2027 વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને. એક અહેવાલ પ્રમાણે રોહિતે 24 ડિસેમ્બરથી શરૂ થનારી મુંબઈ ટીમના અભિયાનમાં રમવાની પુષ્ટિ કરી દીધી છે. તે પહેલા જ ભારત અને દક્ષિણ આફ્રિકાની વન-ડે સીરિઝ સમાપ્ત થઈ જશે. એટલે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી ત્યાં સુધીમાં ફ્રી થઈ જશે. આગામી વન-ડે સીરિઝ 11 જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે ભારતનો સામનો ન્યુઝીલેન્ડ સામે થશે.તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સીરિઝમાં બંને ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. રોહિત શર્માએ ત્રીજી મેચમાં સદી ફટકારી હતી, જ્યારે વિરાટ કોહલીએ શરૂઆતની બે મેચમાં ઝીરો પર આઉટ થયા પછી અણનમ 87 રનની ઈનિંગ રમી હતી. તેમ છતાં બોર્ડ નથી ઈચ્છતું કે આ અનુભવી ખેલાડીઓની મેચ ટચ નબળી પડે. સિલેક્શન કમિટિના અધ્યક્ષ અજિત અગરકર પહેલા જ કહી ચૂક્યા છે કે, 'જો ખેલાડીઓ ફ્રી હોય, તો તેમણે ઘરેલુ ક્રિકેટ રમવી જોઈએ. તે તેમને શાર્પ અને તૈયાર રાખે છે.'

રોહિત હાલમાં મુંબઈની શરદ પવાર ઈન્ડોર એકેડેમીમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે અને તેણે સંકેત આપ્યો છે કે તે સૈયદ મુશ્તાક અલી T20 ટુર્નામેન્ટ માટે પણ ઉપલબ્ધ રહેશે. કોહલી હાલમાં લંડનમાં છે,પરંતુ બોર્ડને આશા છે કે તે ભારત પાછો ફરશે અને ઘરેલુ મેદાનમાં ઉતરશે. રોહિત હાલમાં મુંબઈની શરદ પવાર ઈન્ડોર એકેડેમીમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે અને તેણે સંકેત આપ્યો છે કે તે સૈયદ મુશ્તાક અલી T20 ટુર્નામેન્ટ માટે પણ ઉપલબ્ધ રહેશે. કોહલી હાલમાં લંડનમાં છે,પરંતુ બોર્ડને આશા છે કે તે ભારત પાછો ફરશે અને ઘરેલુ મેદાનમાં ઉતરશે. ગત સિઝનમાં બંનેએ એક-એક રણજી મેચ રમી હતી. કોહલી 12 વર્ષ પછી દિલ્હી માટે અને રોહિત 10 વર્ષ પછી મુંબઈ માટે રમ્યો હતો. તે સમયે રોહિતે કહ્યું હતું કે સતત ઈન્ટરનેશનલ શેડ્યૂલના કારણે ઘરેલુ ક્રિકેટ માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જોકે, અગરકરે એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે, 'આગામી વન-ડે વર્લ્ડ કપ 2027 માટે ન તો કોહલી અને ન તો રોહિત કોઈ ટ્રાયલ પર છે.' તેમના શબ્દોમાં 'બંનેએ ભારતીય ક્રિકેટને ઘણું આપ્યું છે. હવે ટીમની દિશા તેમના અનુભવ, ફિટનેસ અને ઉપલબ્ધતા દ્વારા નક્કી કરવામાં આવશે.' BCCI નો મેસેજ સ્પષ્ટ છે કે, ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવવું હવે માત્ર નામ અને રેકોર્ડ પર આધારિત નહીં રહેશે, પરંતુ ઘરઆંગણે રમવાની ખેલાડીની તૈયારી પર આધારિત રહેશે. જો કોહલી અને રોહિત ત્યાં ઉતરે, તો તે ભારતીય ક્રિકેટ માટે એક મજબૂત મિસાલ બનશે. BCCI નો મેસેજ સ્પષ્ટ છે કે, ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવવું હવે માત્ર નામ અને રેકોર્ડ પર આધારિત નહીં રહેશે, પરંતુ ઘરઆંગણે રમવાની ખેલાડીની તૈયારી પર આધારિત રહેશે. જો કોહલી અને રોહિત ત્યાં ઉતરે, તો તે ભારતીય ક્રિકેટ માટે એક મજબૂત મિસાલ બનશે.

## 'શમી સંપૂર્ણપણે ફીટ, તે ટીમમાં હોવો જોઈએ....' સૌરવ ગાંગુલીએ ટીમ સિલેક્શન પર ઉઠાવ્યાં સવાલ

**ચીફ સિલેક્ટર અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ હાલમાં 35 વર્ષીય આ અનુભવી ફાસ્ટ બોલરને ફરી એન્ટ્રી આપે તેવું લાગતું નથી**




મુબઈ, તા. 12

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ફરી એકવાર ભારતીય ટીમમાં ત્રણેય ફોર્મેટમાં રમતા જોવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ગાંગુલીનું માનવું છે કે શમી સંપૂર્ણ રીતે ફિટ છે અને શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. જોકે, ચીફ સિલેક્ટર અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ હાલમાં 35 વર્ષીય આ અનુભવી ફાસ્ટ બોલરને ફરી એન્ટ્રી આપે તેવું લાગતું નથી. શમીને દક્ષિણ આફ્રિકા સામેની બે ટેસ્ટ મેચોની સિરીઝ માટેની ટીમમાં જગ્યા મળી નથી. તેણે છેલ્લે માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત તરફથી મેચ રમી હતી. સૌરવ ગાંગુલીએ શમીના પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે, 'શમી અત્યારે બહુ શાનદાર બોલિંગ કરી રહ્યો છે. તે ફિટ છે અને અમે જોયું કે તેણે રણજી ટ્રોફીની ત્રણ મેચોમાં બંગાળને એકલા હાથે જીતાડ્યું છે.' નોંધનીય છે કે, શમીએ આ સિઝનમાં રણજી ટ્રોફીની ત્રણ મેચોમાં 91 ઓવર ફેંકીને 15 વિકેટ ઝડપી છે, જોકે તે ત્રિપુરા સામે વિકેટલેસ રહ્યો હતો. શમીએ 2023 વર્લ્ડ કપ પછી પગની ઘૂંટીની સર્જરી કરાવી હતી. જોકે, પરત ફર્યા બાદ તે ફરી પોતાના જૂના અંદાજમાં આવી ગયો છે.' ગાંગુલીએ વધુમાં કહ્યું, 'મને ખાતરી છે કે, સિલેક્ટર્સ તેના પર નજર રાખી રહ્યા હશે અને તેમની વચ્ચે વાતચીત પણ હશે. જો ફિટનેસ અને કૌશલ્યની વાત કરીએ તો શમી એ જ જૂનો શમી છે. મને નથી લાગતું કે તે ટેસ્ટ, વન-ડે અને ટી20, ત્રણેય ફોર્મેટમાં ભારત માટે ન રમી શકે તેવું કોઈ કારણ હોય.' ભારત પાસે હાલમાં પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશ દીપ જેવા યુવા ફાસ્ટ બોલરો છે, પરંતુ ગાંગુલીનું માનવું છે કે શમી જેવા અનુભવી બોલરનો અનુભવ કોઈ પણ ફોર્મેટમાં અમૂલ્ય સાબિત થશે. દક્ષિણ આફ્રિકા સામે શુક્રવારથી ઈડન ગાર્ડન્સમાં શરૂ થઈ રહેલી બે ટેસ્ટ મેચોની સિરીઝ પર વાત કરતા ગાંગુલીએ યુવા વિકેટકીપર-બેટર ધ્રુવ જુરેલને લઈને પણ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ગાંગુલીએ કહ્યું કે, જુરેલને તેના બેટિંગ પ્રદર્શનના આધારે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળવું જોઈએ. જુરેલ માટે નંબર 3નું સ્થાન એક સારો વિકલ્પ હોઈ શકે છે, જ્યાં હાલમાં સાઈ સુદર્શન રમે છે.



## અર્શદીપ અને કુલદીપ યાદવને પ્લેઈંગ 11 માં કેમ ચાન્સ ન મળ્યો? ગૌતમ ગંભીરે તોડ્યું મૌન

મુંબઈ, તા. 12

ગૌતમ ગંભીરના કોચિંગમાં ઘણા એવા નિર્ણયો લેવાયા છે જે સમજણ બહાર રહ્યા છે. આમાંથી એક ઓસ્ટ્રેલિયા સામેની T20 સીરિઝમાંથી અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવ જેવા મુખ્ય ખેલાડીઓને બહાર રાખવા. કુલદીપ યાદવને ઘણી વાર ટેસ્ટ ટીમમાં પણ સ્થાન નથી મળ્યું. હવે આ મુદ્દે પોતાનું મૌન તોડતા ભારતીય હેડ કોચે જવાબ આપ્યો છે. BCCI દ્વારા જારી કરવામાં આવેલા વીડિયોમાં ગૌતમ ગંભીર કહી રહ્યો છે કે કોચ તરીકે મારા માટે આ જ સૌથી મુશ્કેલ કાર્ય છે. ગંભીરે કહ્યું કે ભારતની બેન્ચ સ્ટ્રેન્થ ઘણી સારી છે, પરંતુ અંતે તો માત્ર 11 ખેલાડીઓને જ તક આપી શકાય છે. ગંભીરે કહ્યું કે, 'એક કોચ તરીકે મારા માટે આ જ સૌથી મુશ્કેલ કામ છે. ક્યારેક-ક્યારેક જ્યારે મને ખબર હોય છે કે, બેન્ચ પર ઘણા સારા ખેલાડીઓ બેઠા છે અને હું જાણું છું કે દરેક ખેલાડી પ્લેઈંગ ઈલેવનનો હિસ્સો બનવાને લાયક છે, પરંતુ તેમ છતાં તમે માત્ર 11 ખેલાડીઓને જ પસંદ કરી શકો છો, એવું વિચારીને કે તે દિવસે કામ કરવા માટે શ્રેષ્ઠ સંયોજન શું હશે.' ગંભીરે આગળ કહ્યું કે, 'પરંતુ મારા માટે સૌથી મહત્વપૂર્ણ વાત સંવાદ અને વાતચીત છે. સંવાદ ખૂબ જ સ્પષ્ટ અને પ્રામાણિક હોવો જોઈએ. ક્યારેક આ વાતચીત ખૂબ જ મુશ્કેલ હોય છે. જો તમે એક ખેલાડીને કહો છો કે, તું નથી રમી રહ્યો, તો તે કદાચ કોચ અને ખેલાડી બંને માટે સૌથી મુશ્કેલ વાતચીત હોય છે, કારણ કે હું જાણું છું કે ખેલાડી ત્યારે નારાજ થશે જ્યારે તે પ્લેઈંગ ઈલેવનનો હિસ્સો બનવાનો હકદાર હશે.'



## 'હું મારી સાથે અબજો સપનાઓ લઈને આવી છું'

### મિસ યુનિવર્સ' સ્પર્ધામાં પોતાના સૌંદર્યની સાથે શાણપણથી મનિકા વિશ્વકર્માએ ભારતનું ગૌરવ વધાર્યું

મુંબઈ, તા. 06

થાઈલેન્ડમાં ચાલી રહેલી 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં ભારતીય સુંદરી મનિકા વિશ્વકર્માએ ન માત્ર પોતાની સુંદરતાના કામણ પાથરીને લોકોના દિલ જીતી લીધા છે, પરંતુ પોતાની બુદ્ધિ પ્રતિભાથી પણ પ્રેક્ષકો અને વિશ્વભરના લોકોને પ્રભાવિત કર્યા છે. તાજેતરમાં મનિકાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેણે જે સમજણથી પ્રશ્નનો જવાબ આપ્યો છે, તે જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ તેના વખાણ કરતા થાકી રહ્યા નથી.

મનિકાના જવાબે સૌને વિચારવા માટે મજબૂર કરી દીધાં

તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 'ધ પેજન્ટ વોલ્ટ' પેજ દ્વારા એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. વીડિયોમાં ઈન્ટરવ્યૂઅર પૂછે છે કે, 'શું તમને લાગે છે કે 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં જોડાવું દરેક યુવતીનું સ્વપ્ન હોય છે, પરંતુ તે માત્ર એક મહિલાની જર્ની છે?' આ પ્રશ્ન સાંભળીને પહેલા તો મનિકા વિશ્વકર્માએ સંમતિ આપી. પરંતુ બાદમાં તેણે જે કહ્યું, તેણે દરેકને વિચારવા માટે મજબૂર કરી દીધાં.'હું દરેક મહિલાને મારી સાથે લઈને ચાલી રહી છું' મનિકા વિશ્વકર્માએ કહ્યું, 'હું એવું નથી માનતી. હું અહીં ઊભી છું, કારણ કે મારી માતાએ અભ્યાસ કર્યો, તેમણે મને પણ ભણાવી. હું અહીં એટલા માટે છું, કારણ કે ઓડિશન દરમિયાન ઘણી યુવતીઓએ મને કહ્યું કે, મારે આ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ. મારા મિત્રોએ મારો સાથ આપ્યો, તેથી હું તે દરેક મહિલાને મારી સાથે લઈને ચાલી રહી છું. હું મારી સાથે અબજો સપનાઓ લઈને ચાલી રહી છું.' મનિકાએ વધુમાં ઉમેર્યું, 'આ માત્ર એક મહિલાનું સપનું કે સફર હોતી નથી પરંતુ અબજો સપનાઓનો ભાર હોય છે, જેને હું મારી સાથે લઈને ચાલી રહી છું. હું મારી કમ્યુનિટી અને આખા દેશની અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરી રહી છું. દરેક દેશમાં ઘણી મહિલાઓ અને નાની-નાની છોકરીઓ છે, જે અમને જોઈને પ્રેરિત થાય છે.

## દિલ્હી બોમ્બ વિસ્ફોટમાં અભિનેત્રીએ ગુમાવી તેની બેસ્ટ ફ્રેન્ડ, કહ્યું - મને વિશ્વાસ નથી થતો..



મુંબઈ, તા. 12

દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ બ્લાસ્ટથી રાજધાનીને હચમચી ગઈ. સુભાષ માર્ગ ટ્રાફિક સિગ્નલ પાસે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટ થયો, જેમાં 12 લોકોના મોત નિપજ્યા અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હવે, બોલિવૂડ એક્ટ્રેસ પાયલ ઘોષે ખુલાસો કર્યો છે કે તેની નજીકની સ્કૂલ ફ્રેન્ડ સુનિતા મિશ્રાનું પણ આ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. પાયલ આ દુર્ઘટનાથી હચમચી ગઈ છે. તેણે સુનિતા સાથેની તેની છેલ્લી વાતચીત યાદ કરી. બોમ્બ બ્લાસ્ટના એક અઠવાડિયા પહેલા જ બંને મિત્રોએ વાત કરી હતી. પાયલ ઘોષે એક મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'મને હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો કે તે જતી રહી. અમે એક અઠવાડિયા પહેલા જ વાત કરી હતી. તે હંમેશા હસતી હતી, હંમેશા સકારાત્મકતા ફેલાવતી હતી. આવી દયાળુ આત્માને આટલી ક્રૂર રીતે જતી જોવી ખરેખર અવાસ્તવિક લાગે છે. તે ફક્ત એક મિત્ર નહોતી. તે એક પરિવાર જેવી હતી. અમે સાથે મોટા થયા, સપના, હાસ્ય અને સંઘર્ષો વહેંચ્યા. તેને આ રીતે ગુમાવવાથી... તેનું વર્ણન કરવા માટે કોઈ શબ્દો નથી.' એક્ટ્રેસે આ મુશ્કેલ સમયમાં પીડિતોના પરિવારોને ટેકો આપવા અને એક રહેવા માટે જનતાને અપીલ કરી હતી. આ ઘટનાના પ્રતિભાવમાં, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પીડિતોના પરિવારો માટે સહાયની જાહેરાત કરી છે.

## અનીત નવી ફિલ્મનાં શૂટિંગ પહેલાં બીએની પરીક્ષા આપશે

મુંબઈ, તા. 12

'સૈયારા' ફિલ્મથી રાતોરાત સ્ટાર બની ચૂકેલી અનીત પડ્ડા હવે નવી કોઈ ફિલ્મનું શૂટિંગ શરુ કરતાં પહેલાં પોતાનો અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા પર ધ્યાન આપી રહી છે. અનીત બીએ પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરી રહી છે અને તેણે તેની ફાઈનલ પરીક્ષા આપવાની બાકી છે. મોટાભાગે આગામી ડિસેમ્બર કે જાન્યુઆરીમાં તેની પરીક્ષા છે. આથી તે હાલ પોતાનો બાકીનો અભ્યાસ પૂર્ણ કરવામાં વ્યસ્ત થઈ ગઈ છે. અનીતને હોરર ફિલ્મ 'શક્તિ શાલિની'માં મુખ્ય ભૂમિકા મળી હોવાનું કહેવાય છે. આ ઉપરાંત સંખ્યાબંધ બોલીવૂડ નિર્માતાઓ તેનો સંપર્ક કરી રહ્યા છે. જોકે, અનીત સ્નાતકની પરીક્ષા પૂર્ણ કર્યા બાદ જ શૂટિંગ શરુ કરવાની છે.





## અહાન-શર્વરીની ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીથી

મુંબઈ, તા. 12

અહાન પાંડેની ફિલ્મ 'સૈયારા' બહુ ઓછાં બજેટમાં બની હતી. જોકે, હવે તેની અને શર્વરીની નવી ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ યુરોપમાં થવાનું છે. મોટાભાગે આગામી ફેબ્રુઆરીથી આ શૂટિંગ શરુ થવાની સંભાવના છે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન શરુ થઈ ગયું છે અને ફિલ્મની એક ટીમ જુદાં જુદાં લોકેશન્સની રેકી માટે યુરોપ પણ પહોંચી ચૂકી છે. સૈયારાની સફળતા બાદ આ ફિલ્મ માટે બજેટ અનેક ગણું વધારવામાં આવ્યું છે. જોકે, યશરાજ દ્વારા આ ફિલ્મ માટે ડાયરેક્ટર તરીકે અલી અબ્બાસ ઝફરની પસંદગી કરવામાં આવતાં તે મુદ્દે અનેક ચર્ચાઓ જાગી છે. ઉલ્લેખનીય છે કે અલી અબ્બાસ ઝફર પર 'બડે મિયાં છોટે મિયાં'નાં શૂટિંગ વખતે નાણાંકીય ગેરરીતીનો આરોપ ફિલ્મના નિર્માતા વાસુ ભગનાનીએ કર્યો હતો. સૈયારાની સફળતા બાદ આ ફિલ્મ માટે બજેટ અનેક ગણું વધારવામાં આવ્યું છે. જોકે, યશરાજ દ્વારા આ ફિલ્મ માટે ડાયરેક્ટર તરીકે અલી અબ્બાસ ઝફરની પસંદગી કરવામાં આવતાં તે મુદ્દે અનેક ચર્ચાઓ જાગી છે. ઉલ્લેખનીય છે કે અલી અબ્બાસ ઝફર પર 'બડે મિયાં છોટે મિયાં'નાં શૂટિંગ વખતે નાણાંકીય ગેરરીતીનો આરોપ ફિલ્મના નિર્માતા વાસુ ભગનાનીએ કર્યો હતો.

# ઓક્ટોબરમાં છૂટક ફુગાવો રેકોર્ડ નીચા સ્તરે આવ્યો : ખાદ્ય ચીજો સસ્તી થવાને કારણે તે ઘટીને 0.25% થયો, સપ્ટેમ્બરમાં તે 1.44% હતો....

નવી દિલ્હી, તા.12

ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત ઘટાડો અને GSTમાં ઘટાડાને કારણે ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ઘટીને 0.25%ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો. વર્તમાન CPI સીરીઝમાં (જે 2012થી ચાલી રહી છે) આ અત્યાર સુધીનો સૌથી નીચો વાર્ષિક ફુગાવાનો દર છે.

ભારતમાં હાલની CPI સીરીઝ 2012-આધારિત છે (2012 આધાર વર્ષ છે), એટલે કે સરખામણી માટે 2012ના ભાવ 100 તરીકે લેવામાં આવ્યા છે. અગાઉ, 2010 અથવા 1993-94 વાળી સીરીઝ હતી, પરંતુ સચોટ ડેટા સુનિશ્ચિત કરવા માટે સમય જતાં આ સીરીઝ અપડેટ કરવામાં આવે છે.

સરકારે આજે,13 ઓક્ટોબરના રોજ છૂટક ફુગાવાના સત્તાવાર આંકડા જાહેર કર્યા. અગાઉ, સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઘટીને 1.44% ના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો હતો, જે ઓગસ્ટમાં 2.07% હતો.

ઓક્ટોબરમાં ખાવા-પીવાની ચીજોના ભાવમાં ઘટાડો થયો

ફુગાવાના બાસ્કેટમાં લગભગ 50% હિસ્સો ખાવા-પીવાની ચીજોનો હોય છે. માસિક ફુગાવો માઈનસ 2.28% થી ઘટીને માઈનસ 5.02% થયો છે. સપ્ટેમ્બરમાં ગ્રામીણ ફુગાવો 1.07% થી ઘટીને માઈનસ 0.25% થયો, જ્યારે શહેરી ફુગાવો 1.83% થી ઘટીને 0.88% થયો છે.

આધાર વર્ષ શું છે?

આધાર વર્ષ એ વર્ષ છે જેના ભાવને આધાર વર્ષ ગણવામાં આવે છે. એટલે કે તે વર્ષ માટે માલની સરેરાશ કિંમત 100નું મૂલ્ય આપવામાં આવે છે.

પછી અન્ય વર્ષોના ભાવોની સરખામણી આ આધાર વર્ષ સાથે કરવામાં આવે છે. આ બતાવે છે કે ફુગાવો કેટલો વધ્યો છે કે ઘટ્યો છે.

ઉદાહરણ: ધારો કે તમારા ઘરનું બજેટ 2020 (આધાર વર્ષ)માં હતું. તે વર્ષે એક કિલોગ્રામ ટામેટાંની કિંમત 50 હતી. હવે, 2025 માં, તેની કિંમત 80 છે.



તેથી, ફુગાવો = (80 - 50) / 50 + 100 = 60% વધારો. CPI માં પણ આ જ સૂત્રનો ઉપયોગ થાય છે, પરંતુ તે સમગ્ર બજારને લાગુ પડે છે.

આ કેમ મહત્ત્વનું છે?

સરખામણી સરળ બનાવે છે: આધાર વર્ષ વિના કિંમતો વર્ષ-દર-વર્ષે બદલાતી રહેતી. પરંતુ બધું જ આધાર વર્ષથી ટકાવારી (%) તરીકે માપવામાં આવતું હોવાથી તે જૂના અને નવા વર્ષો વચ્ચે સ્પષ્ટ સરખામણી કરવાની મંજૂરી આપે છે.

સચોટ ફુગાવાનો અંદાજ: આ દર્શાવે છે કે ફુગાવો કેટલો ઝડપી કે ધીમો રહ્યો છે. ઉદાહરણ તરીકે જો ફુગાવો મૂળ વર્ષથી 5% વધ્યો હોય તો સરકાર અને બેંકો વ્યાજ દર નક્કી કરવા માટે આનો ઉપયોગ કરે છે.

જૂની આદતોને અપડેટ કરે છે: લોકોની ખરીદીની આદતો સમય જતાં બદલાય છે (દા.ત., તેઓ હવે વધુ વખત સાયકલનો ઉપયોગ કરતા હતા). તેથી, ડેટા જૂનો ન થઈ જાય તેની ખાતરી કરવા માટે દર 10-12 વર્ષે આધાર વર્ષ બદલવામાં આવે છે.

ભારતમાં ઉદાહરણ: ભારતમાં રિટેલ ફુગાવા (CPI) માટેનો આધાર વર્ષ હાલમાં 2012 છે. આનો અર્થ એ થયો કે 2012 ના ભાવને 100 તરીકે લેવામાં આવે છે અને તેની સરખામણી 2025 સાથે કરવામાં આવે છે. જો 2025 માં CPI 150 હોય, તો ફુગાવો 50% વધ્યો છે.

આધાર વર્ષ કેવી રીતે પસંદ કરવામાં આવે છે અને તે કેવી રીતે કાર્ય કરે છે?

સરકાર (ભારતમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય) સામાન્ય રીતે દર 5-10 વર્ષે એક નવું આધાર વર્ષ પસંદ કરે છે.

આ વર્ષ સામાન્ય છે, જેમાં કોઈ દુષ્કાળ નથી, કોઈ રોગચાળો નથી, કોઈ ઉચ્ચ ફુગાવો નથી, જેથી પાયો મજબૂત રહે.

ભારતમાં તે 1950-51 થી શરૂ થયું, પછી 1960-61, 1982, 1993-94, 2001, 2010 અને હવે 2012 થી.

ફુગાવો કેવી રીતે વધે છે કે ઘટે છે?

ફુગાવાનો વધારો અને ઘટાડો ઉત્પાદનોની માંગ અને પુરવઠા પર આધાર રાખે છે. જો લોકો પાસે વધુ પૈસા હશે, તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ માલ ખરીદવાથી માંગ વધશે, અને જો પુરવઠો માંગને પૂર્ણ નહીં કરે, તો આ માલના ભાવ વધશે.

આ રીતે, બજાર ફુગાવા માટે સંવેદનશીલ બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, બજારમાં વધુ પડતો રોકડ પ્રવાહ અથવા ચીજવસ્તુઓની અછત ફુગાવાનું કારણ બને છે. જો કે, જો માંગ ઓછી હોય અને પુરવઠો વધારે હોય, તો ફુગાવો ઓછો રહેશે.

ફુગાવો CPI દ્વારા નક્કી થાય છે ગ્રાહક તરીકે, તમે અને હું છૂટક બજારમાંથી માલ ખરીદીએ છીએ. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આ કિંમતોમાં થતા ફેરફારોને પ્રતિબિંબિત કરે છે. CPI માલ અને સેવાઓ માટે આપણે જે સરેરાશ કિંમત ચૂકવીએ છીએ તે માપે છે.

## ઝાયડસને સફળતા:ઝાયડસને Venlafaxine Extended-Release Capsules, 75-150 mg માટે ચીનની NMPA તરફથી મંજૂરી



અમદાવાદ, તા.12

ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ (તેની પેટાકંપનીઓ અને સહયોગી કંપનીઓ સહિતના એકમોને અહીં "Zydus" તરીકે ઓળખાશે) ને Venlafaxine Extended-Release (ER) Capsules, 75 mg and 150 mg માટે ચીનની નેશનલ મેડિકલ પ્રોડક્ટ્સ એડમિનિસ્ટ્રેશન (એનએમપીએ) તરફથી મંજૂરી મળી ગઈ છે.

Venlafaxine ER કેપ્સ્યુલ્સ મેજર ડિપ્રેસિવ ડિસઓર્ડર (MDD), જનરલાઈઝ્ડ એન્ક્ઝાયટી ડિસઓર્ડર (GAD), સોશિયલ એન્ક્ઝાયટી ડિસઓર્ડર (SAD) અને પેનિક ડિસઓર્ડર (PD)ની સારવાર માટે લખવામાં આવે છે. તે મગજમાં સેરોટોનિન અને નોરેપીનેફ્રાઈનનું સંતુલન પુન:સ્થાપિત કરવામાં મદદ કરે છે જેનાથી મૂડ સુધરે છે અને ચિંતા ઓછી થાય છે. Venlafaxine ER કેપ્સ્યુલ્સનું ઉત્પાદન ઝાયડસના અમદાવાદમાં મોરૈયા ખાતેના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ખાતે કરવામાં આવશે. ચીનમાં એનએમપીએ તરફથી ગ્રુપને આ સૌપ્રથમ વખત મંજૂરી મળી છે.

# અમેરિકા તથા ચીન બાદ ભારત 2026 સુધીમાં વિશ્વનું ત્રીજુ મોટું અર્થતંત્ર બનશે

### શેરબજારના દ્રષ્ટિકોણથી ભારતીય ઈક્વિટીને અપગ્રેડ કરાઈને ઓવરવેઈટ કરાઈ હતી

મુંબઈ, તા.12

નાણાં વર્ષ ૨૦૨૮થી નાણાં વર્ષ ૨૦૩૦ના ગાળામાં ભારત વાર્ષિક ધોરણે ૬.૫૦ ટકાનો આર્થિક વિકાસ દર જાળવી શકશે અને ૨૦૨૬માં તે વિશ્વનું ત્રીજુ મોટું કન્ઝયૂમર બજાર બની રહેશે એટલું જ નહીં ૨૦૨૮ સુધીમાં તે અમેરિકા અને ચીન બાદ ત્રીજુ મોટું અર્થતંત્ર પણ બની જશે એમ યુબીએસના એક રિપોર્ટમાં જણાવાયું છે.

વૈશ્વિક વિકાસ દર જે ૨૦૨૫માં ૩.૨૦ ટકા જોવાઈ રહ્યો છે તે ૨૦૨૬માં સહેજ ઘટી ૩.૧૦ ટકા અને ૨૦૨૮માં ૩.૩૦ ટકા જોવા મળશે. શેરબજારના દ્રષ્ટિકોણથી યુબીએસ ભારતીય ઈક્વિટીસ માટે અન્ડરવેઈટ છે કારણ કે કંપનીઓની કામગીરીની તુલનાએ મૂલ્યાંકનો હજુપણ ખર્ચાળ જણાઈ રહ્યા છે.

રિટેલ પ્રવાહ બજારને ટેકો આપી રહ્યા છે આમછતાં, વિદેશી



રોકાણકારો તરફથી આવી રહેલી વેચવાલી તથા કંપનીઓ તરફથી બજારમાંથી મૂડી ઊભી કરવાની પ્રવૃત્તિમાં થઈ રહેલા વધારા પર નજર રાખવાની રહે છે.

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)થી સીધા લાભકર્તા સ્ટોકસની ભારત ગેરહાજરી ધરાવે છે. ભારતના સંદર્ભમાં યુબીએસ બેન્કો તથા કન્ઝયૂમર સ્ટેપલ્સ પર પસંદગી ધરાવે છે.

આ અગાઉ ગઈ કાલે ગોલ્ડમેન સાકસે જારી કરેલા રિપોર્ટમાં ભારતીય ઈક્વિટીસને અપગ્રેડ કરી ઓવરવેઈટ કરાઈ હતી અને નિફટીને ૨૯૦૦૦નો ટાર્ગેટ અપાયો હતો, જ્યારે મોર્ગન સ્ટેન્લીએ તો જૂન ૨૦૨૬ સુધીમાં સેન્સેકસ ૧,૦૦,૦૦ પર પહોંચવા ધારણાં મૂકી છે.

નાણાં વર્ષ ૨૦૨૭માં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪૦ ટકા રહેશે જ્યારે ૨૦૨૮માં ૬.૫૦ ટકા જોવા મળશે. ટેકારૂપ નીતિઓ તથા મજબૂત ઘરેલુ માગ દેશના વિકાસ દરને ટેકો આપે છે. ૨૦૨૭માં ભારત એશિયા પેસિફિકનું ઝડપથી વિકસતુ અર્થતંત્ર હશે. ૬.૧૦ ટકા સાથે બીજા ક્રમે ફિલિપાઈન્સ અને ૫.૧૦ ટકા સાથે ત્રીજા ક્રમે ઈન્ડોનેશિયા હશે.

૨૦૨૪ સુધીના છેલ્લા એક દાયકામાં ભારતનો ઘરેલું ઉપભોગ અંદાજે બમણો થઈને ૨.૪૦ ટ્રિલિયન ડોલર પહોંચી ગયો છે. જે ૭.૯૦ ટકા ચક્રવૃદ્ધિ દર્શાવે છે અને ચીન, અમેરિકા તથા જર્મની કરતા આ વૃદ્ધિ મજબૂત છે.

# સોનું ₹767 ઘટીને ₹1.23 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : ચાંદી ₹286 વધીને ₹1.55 લાખ પ્રતિ કિલો થઈ, જુઓ તમારા શહેરમાં સોનાના ભાવ.....

નવી દિલ્હી, તા.12

12 નવેમ્બરના રોજ સોનાના ભાવમાં ઘટાડો થયો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનાનો ભાવ 767 ઘટીને 1,23,362 પ્રતિ 10 ગ્રામ થયો છે. અગાઉ, ભાવ 1,24,129 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનું 1,25,560 પહોંચ્યું છે.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 286 વધીને 1,55,046 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેનો ભાવ 1,54,760 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું, અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100 ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ



માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે સોનું 47,200 અને ચાંદી 69,029 મોંઘા થયા

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 47,200નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,23,362 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 69,029નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે વધીને 1,55,046 પ્રતિ કિલોગ્રામ થયો છે.

સોનું 1.25 લાખ સુધી જઈ શકે છે નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને સપોર્ટ મળશે. પરિણામે, આગામી દિવસોમાં તેની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. ફક્ત સર્ટિફાઈડ સોનું જ ખરીદો

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

2. કિંમત ક્રોસ ચેક કરો

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

# સેન્સેક્સ 595 પોઈન્ટ વધીને 84,467 પર બંધ:નિફ્ટી પણ 181 પોઈન્ટ વધ્યો, આઈટી, ઓટો અને ફાર્મા શેરોમાં ભારે ખરીદી રહી

મુંબઈ, તા.12

અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 595 પોઈન્ટ વધીને 84,467 પર બંધ થયો. નિફ્ટી પણ 181 પોઈન્ટ વધીને 25,876 પર પહોંચ્યો. આજના કારોબારમાં, આઈટી, ઓટો, ફાર્મા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં ભારે ખરીદી જોવા મળી.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલની આશા: અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે 11 નવેમ્બરના રોજ જણાવ્યું હતું કે અમેરિકા અને ભારત ટ્રેડ ડીલની ખૂબ નજીક છે. આનાથી આર્થિક અને સુરક્ષા સંબંધો મજબૂત થશે અને રોકાણને વેગ મળશે. આનાથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

શટડાઉન સમાપ્ત થવાની શક્યતા: યુએસ સેનેટે ફેડરલ ફંડિંગ પુન:સ્થાપિત કરતું બિલ પસાર કર્યું, જેનાથી યુએસ ઈતિહાસમાં સૌથી લાંબા શટડાઉનનો અંત આવ્યો. આથી



વિલંબિત આર્થિક ડેટા (જેમ કે નોન-ફાર્મ પેરોલ) પર સ્પષ્ટતા મળશે અને ફેડરલ રિઝર્વ નીતિ પર દિશા મળશે. વ્યાજ દરમાં ઘટાડાની આશા: ફેડ દ્વારા ડિસેમ્બરમાં વધુ એક દર ઘટાડાની અપેક્ષા છે. ફેડના ગવર્નર સ્ટીફન મિરોને જણાવ્યું હતું કે ફુગાવો ઘટી રહ્યો હોવાથી અને બેરોજગારી ધીમે ધીમે વધી રહી હોવાથી 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો શક્ય બની શકે છે.

ગ્લોબલ માર્કેટમાં મિશ્ર વેપાર

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.34% ઘટીને 50,667 અને કોરિયાનો કોસ્પી 0.81% વધીને 4,139 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.63% વધીને 26,865 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.23% ઘટીને 3,993 પર કારોબાર કરી રહ્યો છે.

11 નવેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.18% વધીને 47,927 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.25% ઘટ્યો. S&P 500માં 0.21% વધીને બંધ થયો.

મંગળવારે સેન્સેક્સ 336 પોઈન્ટ વધીને બંધ થયું, મંગળવાર, 11 નવેમ્બર, અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 336 પોઈન્ટ વધીને 83,871 પર બંધ થયો. નિફ્ટી પણ 121 પોઈન્ટ વધીને 25,695 પર પહોંચ્યો હતો.

દિવસ દરમિયાન બજાર ડાઉન હતું. સેન્સેક્સ તેના દિવસના નીચલા સ્તરથી 600 પોઈન્ટ અને નિફ્ટી 200 પોઈન્ટ રિકવર થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 24 શેરો વધીને બંધ થયા.

### OpenAIએ દિલ્હીમાં 50 સીટર ઓફિસ ભાડે લીધી

# આ ChatGPT ની પેરેન્ટ કંપનીની દેશમાં પહેલી ઓફિસ, હવે ભારતમાં પોતાની ટીમ બનાવશે...

નવી દિલ્હી, તા.12

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કંપની OpenAI એ દિલ્હીમાં 50 સીટર ઓફિસ સ્પેસ ભાડે લીધી છે. આ ભારતમાં કંપનીની પહેલી ઓફિસ હશે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ આ જગ્યા પ્રીમિયમ વર્કસ્પેસ પ્રદાતા 'કોર્પોરેટએજ' સાથે લીઝ કરાર હેઠળ લેવામાં આવી છે. ચેટજીપીટીની પેરેન્ટ કંપની, ઓપનએઆઈએ આ વર્ષે ઓગસ્ટમાં ભારતમાં ઓફિસ ખોલવાની યોજનાની જાહેરાત કરી હતી. કંપની હાલમાં દિલ્હીમાં જગ્યા શોધી રહી હતી. આ ઉપરાંત, OpenAI ભારતમાં સરકાર, વ્યવસાયો અને વિકાસકર્તાઓ સાથે કામ કરવા માટે એક સ્થાનિક ટીમ બનાવી રહ્યું છે. ઓલ્ટમેને કહ્યું હતું - અમે ભારતમાં રોકાણ કરવા માટે ઉત્સાહિત છીએ, ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને ઓગસ્ટમાં કહ્યું હતું કે ભારતમાં પહેલી ઓફિસ ખોલવી એ કંપનીની એક મહત્ત્વપૂર્ણ યોજના છે જેથી ભારત માટે




અને ભારત સાથે મળીને એઆઈનો વિકાસ કરી શકાય. તેમણે કહ્યું, 'ભારતમાં AI અપનાવવાની ગતિ અદ્ભુત રહી છે. અમે ભારતમાં વધુ રોકાણ કરવા માટે ઉત્સાહિત છીએ.' ભારત કંપનીનું બીજું સૌથી મોટું બજાર છે. કંપનીએ જણાવ્યું હતું કે યુઝર્સની દ્રષ્ટિએ ભારત અમેરિકા પછી તેનું બીજું સૌથી મોટું બજાર છે અને તેના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંનું એક છે. ભારતમાં ચેટજીપીટીના સાપ્તાહિક સક્રિય યુઝર્સમાં છેલ્લા વર્ષમાં ચાર ગણાથી વધુનો વધારો થયો છે. વધુમાં, ભારત OpenAI ડેવલપર્સ માટે ટોચના પાંચ બજારોમાંનું એક છે. ભારતમાં વૈશ્વિક સ્તરે ChatGPT નો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ સૌથી વધુ છે. કોર્પોરેટએજ ઓપનએઆઈને શું ઓફિસ આપી રહ્યું છે?, કોર્પોરેટએજ એક પ્રીમિયમ વર્કસ્પેસ પ્રદાતા છે જે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, મીટિંગ રૂમ, સુરક્ષા અને હાઉસકીપિંગ જેવી સુવિધાઓ સાથે સંપૂર્ણ રીતે સજ્જ, રેડી-ટુ-મૂવ-ઇન ઓફિસો પ્રદાન કરે છે. કંપનીએ તાજેતરમાં દિલ્હીના નરોજી નગર સ્થિત વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે 42,000 ચોરસ ફૂટ પ્રીમિયમ ઓફિસ સ્પેસ લીઝ પર લીધી છે, જેમાં 500 થી વધુ વર્કસ્ટેશન, 5 હાઈ-ટેક મીટિંગ રૂમ, ખાનગી ફોન બૂથ, સહયોગી જગ્યાઓ અને વર્કબેન્ચ કાફેનો સમાવેશ થાય છે. કોર્પોરેટએજ ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં કુલ પોર્ટફોલિયો 5.9 લાખ ચોરસ ફૂટ સુધી પહોંચવાની અપેક્ષા રાખે છે.

# નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા ટ્રસ્ટ બોર્ડમાં જોડાયા : સર દોરાબજી ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા

નવી દિલ્હી, તા.12

ટાટા ટ્રસ્ટ્સે ચેરમેન નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટા (33) ને તેમના મુખ્ય સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT) ના બોર્ડમાં નિયુક્ત કર્યા છે. આ નિમણૂક 12 નવેમ્બરથી અમલમાં આવી છે અને ત્રણ વર્ષના કાર્યકાળ માટે છે. બોર્ડે સર્વાનુમતે નેવિલની નિમણૂકને મંજૂરી આપી છે.

વધુમાં, ટીવીએસ મોટર કંપનીના ચેરમેન એમેરિટસ વેણુ શ્રીનિવાસનને સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT) ના ટ્રસ્ટી અને વાઈસ ચેરમેન તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ટાટા ગ્રુપના અનુભવી ભાસ્કર ભટને પણ બોર્ડમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. SDTT બોર્ડમાં હવે સાત ટ્રસ્ટીઓ છે. આ બંને નિમણૂકો ત્રણ વર્ષ માટે છે, જે 12 નવેમ્બર, 2025 થી અમલમાં આવશે.

નેવિલ નોએલ ટાટાનો સૌથી નાનો પુત્ર છે

નેવિલ ટાટા નોએલ ટાટાના સૌથી નાના પુત્ર છે. તેઓ પહેલાથી જ JRD ટાટા ટ્રસ્ટ, RD ટાટા ટ્રસ્ટ, ટાટા સોશિયલ વેલફેર ટ્રસ્ટ અને ટાટા મેડિકલ સેન્ટર ટ્રસ્ટ જેવા નાના ટાટા ટ્રસ્ટના બોર્ડમાં સેવા આપે છે. ગયા મહિને મેહલી મિસ્ત્રીના ગયા પછી SDTTમાં તેમના પ્રવેશની અટકળો ચાલી રહી હતી. ટાટા ટ્રસ્ટ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે SDTT બોર્ડે સર્વાનુમતે નેવિલની નિમણૂકને મંજૂરી આપી હતી. ટાઈટનમાં નોએલ સાથે કામ કરનારા ભાસ્કર ભટને પણ ત્રણ વર્ષના કાર્યકાળ માટે નિમણૂક કરવામાં આવી હતી. નોએલ ટાટા SDTTના કાયમી ટ્રસ્ટી રહેશે.

ટાટા કૌટુંબિક પૃષ્ઠભૂમિ

નેવિલ મીડિયાથી દૂર રહે છે, ટાટા ગ્રુપના જાહેર કાર્યક્રમોમાં ભાગ્યે જ દેખાય છે, પરંતુ નિયમિતપણે નેતૃત્વ શિખર સંમેલનમાં હાજરી આપે છે. તેમના



લગ્ન ટોયોટા કિર્લોસ્કર મોટરના વાઈસ ચેરપર્સન માનસી ટાટા સાથે થયા છે. આ દંપતીને બે બાળકો છે, જમશેદ અને ટિયાના ટાટા.

નેવિલની મોટી બહેનો, લિયા ટાટા (40), જે ઈન્ડિયન હોટેલ્સ (તાજ) માં કામ કરે છે, અને માયા ટાટા (37), જે ટાટા ડિજિટલનું સંચાલન કરે છે, તે પણ નાના ટ્રસ્ટના બોર્ડમાં છે. નોએલના સાવકા ભાઈ, જીમી ટાટા, 30 વર્ષથી વધુ સમયથી સર રતન ટાટા ટ્રસ્ટ (SRTT) ના ટ્રસ્ટી છે. હવે બે મુખ્ય ટ્રસ્ટમાં ટાટા પરિવારના ત્રણ સભ્યો છે. ટાટા ટ્રસ્ટ્સે જણાવ્યું હતું કે SDTT બોર્ડે સર્વાનુમતે નેવિલ ટાટાની નિમણૂકને મંજૂરી આપી હતી, જે 12 નવેમ્બરથી ત્રણ વર્ષના કાર્યકાળ માટે અમલમાં આવશે. નિષ્ણાતો માને છે કે આનાથી નોએલ ટાટાની સત્તા મજબૂત થાય છે અને યુવા નેતૃત્વને પ્રોત્સાહન મળે છે. નેવિલ ટ્રેન્ટ (જેની શરૂઆત તેમના દાદી સિમોન ટાટા દ્વારા કરવામાં આવી હતી) સાથે પણ સંકળાયેલા છે. તેમણે લંડનની બીઝલી બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો.

નેવિલ ટૂંક સમયમાં સર રતન ટાટા ટ્રસ્ટ (SRTT)ના બોર્ડમાં જોડાઈ શકે છે. મંગળવારે SRTT ની બેઠકમાં તેમની નિમણૂકની ચર્ચા થઈ હતી પરંતુ તેને મંજૂરી આપવામાં આવી ન હતી. SRTT માં તેમની નિમણૂક બાદ, તેમને ટાટા સન્સ બોર્ડમાં નામાંકિત કરવામાં આવી શકે છે. ટાટા ટ્રસ્ટ $180 બિલિયન ટાટા ગ્રુપનું નિયંત્રણ કરે છે. આ ફેરફાર આગામી પેઢીના જૂથમાં પ્રવેશને ચિહ્નિત કરે છે.

બે મોટા ટ્રસ્ટ: સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (SDTT) અને સર રતન ટાટા ટ્રસ્ટ (SRTT)

ટાટા સન્સમાં 66% શેરનું નિયંત્રણ કરે છે

ટ્રસ્ટીની નિમણૂક માટે સર્વસંમતિ જરૂરી છે.

નાના ટ્રસ્ટ: JRD, RD, સમાજ કલ્યાણ વગેરે.

પરિવારના સભ્યો: નોએલ, જીમી અને હવે નેવિલ

# દિલ્હી બ્લાસ્ટને પગલે અમિત શાહનો ગુજરાત પ્રવાસ રદ

## અમદાવાદમાં ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવાના હતા, બોરિયાવી સહિતના કોઈ કાર્યક્રમમાં હાજર નહીં રહી શકે

**અમદાવાદ, તા.12**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આવતીકાલે 13 નવેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવવાના હતા. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા ઈન્ટરનેશનલ બુક ફેર અને ફૂડ ફેસ્ટિવલના ઉદ્ઘાટનની સાથે મહેસાણાના બોરીયાવી ખાતે સ્કૂલ તેમજ ઓર્ગેનિક પ્લાન્ટના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજર રહેવાના હતા. જોકે દિલ્હી ખાતે થયેલા બોમ્બ વિસ્ફોટ કેસને લઈને ગૃહ મંત્રી દ્વારા વ્યસ્ત હોવાને લઈને ગુજરાત પ્રવાસ રદ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.



### ■ ગૃહ વિભાગ સાથે સતત બેઠકોમાં વ્યસ્ત

ભાજપના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે 12 નવેમ્બરના રોજ રાત્રે અમદાવાદ આવવાના હતા. આવતીકાલે 13 નવેમ્બરના રોજ અમદાવાદ અને મહેસાણા ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હતા. જોકે દિલ્હી બોમ્બ વિસ્ફોટ કેસમાં કેન્દ્ર સરકાર ખૂબ જ ગંભીરતાથી આ બાબત પર ધ્યાન રાખી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી અને આ કેસ પર ધ્યાન આપી રહ્યા છે ત્યારે ગુજરાત પ્રવાસ રદ કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ■ બોમ્બ બ્લાસ્ટ કેસની તપાસ પર સતત નજર

13 નવેમ્બરના રોજ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ઈન્ટરનેશનલ બુક ફેર અને ફૂડ ફેસ્ટિવલ નું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રદાન સહિતના નેતાઓ ઉપસ્થિત રહેવાના હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી મહેસાણાના બોરીયાવી ખાતે પણ સૈનિક સ્કૂલ અને ઓર્ગેનિક પ્લાન્ટનું લોકાર્પણ કરવાના હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી દિલ્હીમાં થયેલા હુમલા કેસની તપાસ પર સતત નજર રાખી રહ્યા છે ત્યારે તેઓ દ્વારા આ કાર્યક્રમ રદ કરી અને માત્ર તેના ઉપર જ ધ્યાન આપવામાં આવી રહ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# અસલાલી-બારેજા રોડ પર થીનર ફેક્ટરીમાં ભીષણ આગ

## 10 ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવી મહામહેનતે કાબૂ લીધી, ઘટનામાં કોઈ જાનહાનિ નહીં

**અમદાવાદ, તા.12**

અમદાવાદના અસલાલી-બારેજા રોડ પર આવેલા એકતા હોટલની સામેની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા 10 જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. થીનર હોવાના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. જો કે, ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે આગ ઉપર કાબૂ મેળવ્યો છે. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ, અસલાલી-બારેજા રોડ ઉપર ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. થીનર



ફેક્ટરીમાં આગ હતી જેથી વધારે ગાડીઓ મોકલવામાં આવી હતી. આગ હાલ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ છે અને કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

### NSUIએ કુલપતિના ઘરે ગેટ પર ચડી નારા લગાવ્યા

# શૂટિંગ એકેડમીના વિવાદને લઈ આશિષ અમીનનું રાજીનામું લેવા માગ, પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી.....

**અમદાવાદ, તા.12**

ગુજરાત યુનિવર્સિટીમાં રાઈફલ શૂટિંગ રેન્જ ગુજરાત રાઈફલ એસોસિએશનને સોંપવાના નિર્ણયના વિરોધમાં NSUIના કાર્યકર્તાઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું. NSUIનો આક્ષેપ છે કે આ નિર્ણય માત્ર સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનને ફાયદો પહોંચાડવા માટે લેવામાં આવ્યો છે. આ મુદ્દે રજૂઆત કરવા આવેલા NSUIના કાર્યકર્તાઓએ કુલપતિ નીરજા ગુપ્તા ઓફિસમાં હાજર ન મળતા નિવાસસ્થાન પર પહોંચ્યા હતા. જ્યાં સિક્યુરિટી કેબિન પર ચડીને કુલપતિના રાજીનામાની માગ સાથે નારાબાજી કરી હતી, જેના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને હોબાળો કરી રહેલા NSUIના અનેક કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં NSUIના કાર્યકર્તાઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. રાઈફલ શૂટિંગ રેન્જ રાઈફલ એસોસિએશનને સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, રાઈફલ શૂટિંગ રેન્જ ભલે રાઈફલ એસોસિએશનને સોંપવામાં આવ્યું હોય પરંતુ તે સિન્ડિકેટ સભ્ય આશિષ અમીન જ ચલાવવાનો છે. જેથી આશિષ અમીનનું સિન્ડિકેટ સભ્ય પદ પરથી રાજીનામું લેવામાં આવે તેવી માગ કરી છે.



NSUIના કાર્યકર્તાઓ કુલપતિ રાજીનામું આપે તેવી માંગ સાથે પહોંચ્યા હતા, પરંતુ કુલપતિ નીરજા ગુપ્તા ઓફિસમાં હાજર ના હોવાથી NSUIએ રામધુન બોલાવી હતી. કુલપતિને જ રજૂઆત કરવા માટે NSUIના કાર્યકર્તાઓ અડગ જોવા મળ્યા હતા. અડધો કલાકનો સમય કુલપતિને આપવામાં આવ્યો હતો, પરંતુ કુલપતિ ગુજરાત યુનિવર્સિટીમાં હાજર ના થતા NSUIના કાર્યકર્તાઓ કુલપતિના ઘરે પહોંચી ગયા હતા. કુલપતિ નીરજા ગુપ્તાના બંગલા પાસે સિક્યુરિટી કેબિન પર ચડીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કુલપતિ રાજીનામું આપે તેવા નારા પણ NSUIના કાર્યકર્તાઓએ લગાવ્યા હતા. પૂર્વ સિન્ડિકેટ સભ્ય શ્વેતલ સુતરીયાનો 75 લાખની લેતીદેતીનો ઓડિયો સામે આવ્યો છે. તેમાં ગુજરાત યુનિવર્સિટી પોલીસ ફરિયાદ દાખલ કરે તેવી પણ NSUI દ્વારા માગ કરવામાં આવી છે. જો કે, કુલપતિના બંગલા આગળ સિક્યુરિટી ગાર્ડની કેબીન પર ચડી રાજીનામાના નારા લગાવતા પોલીસ પણ પહોંચી ગઈ હતી. જે બાદ પોલીસે સિક્યુરિટી ગાર્ડની કેબિન પર ચડીને NSUIના કાર્યકર્તાઓને નીચે ઉતાર્યા હતા. તે બાદ પણ ગેટ પાસે બેસી વિરોધ દર્શાવતા પોલીસ દ્વારા NSUIના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી. એક બાદ એક NSUIના કાર્યકર્તાઓને ગાડીમાં બેસાડી અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. ગુજરાત NSUIના મહામંત્રી વિક્રમસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિદ્યાર્થીઓનું કામ કરવાના બદલે ઘરે બેસીને આરામ કરી રહ્યા છે. કુલપતિ જો આરામ જ કરશે તો NSUI દ્વારા આંદોલન ચાલુ રાખવામાં આવશે. એક સિન્ડિકેટ મેમ્બર સામે FIR થવી જોઈએ અને બીજા સિન્ડિકેટ મેમ્બરને યુનિવર્સિટીએ જે જગ્યાઓ આપી દીધી છે.

# બે યુવકોએ ધક્કો મારતા પટકાયેલા વૃદ્ધનું મોત : પેસેન્જર ભરવા બાબતે માથાકૂટ સર્જાઈ હતી, પરિવારે હત્યાનો ગુનો નોંધવાની માગ કરી

**અમદાવાદ, તા.12**

અમદાવાદના મેમનગરમાં વાળીનાથ ચોક પાસે ટ્રાવેલ્સનો ધંધો કરતા વૃદ્ધને પેસેન્જર ભરવાની બાબતમાં બે યુવકોએ ધક્કો માર્યો હતો જેના કારણે વૃદ્ધને માથામાં ઈજા થતા મોત થયું હતું.પોલીસ પ્રાથમિક તપાસ દરમિયાન અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે ત્યારે મૃતકના પરિવારજનો મૃતદેહ સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.પોલીસે ફરિયાદ નોંધવાની તૈયારી કરતા મૃતકના પરિવારજનોએ અંતિમક્રિયા બાદ ફરિયાદ નોંધવા જણાવ્યું છે.

મૃતક નાથુસિંહના પુત્ર ભરતસિંહે જણાવ્યું હતું કે અમારા સમાજના લોકો ન્યાય માટે આવ્યા છીએ.અમારે 30 વર્ષથી ટ્રાવેલ્સ બુકિંગનો બિઝનેસ ચાલુ છે. આરોપી આર્ટિગા ગાડીમાં



પેસેન્જર ભરતો હતો ત્યારે મારા પિતાએ આગળ જઈને ભરવાનું કહ્યું હતું.આરોપીએ કહ્યું કે, 'હું ગુજરાતનો દાદા છું'.મારા પિતાએ દુકાનમાં બોલાવતા તે લોકો અમારી.દુકાનમાં આવ્યા હતા.આરોપીઓએ ગળું પકડીને માર પિતાને રોડ પર ફેંકી દીધા હતા જેથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું.આરોપી રાજેન્દ્રસિંહ અને પ્રતાપસિંહ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધવામાં આવે તેવી માંગ છે.

પી.આઈ એસ.આર બાવાએ જણાવ્યું હતું કે પોલીસન જાણ થતા ઘટના સ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુનો નોધી તપાસ શરૂ કરી હતી.મૃતકના પરિવારજનો ફરિયાદ માટે આવ્યા હતા પરંતુ તેમને અંતિમવિધિ કરવી હોવાથી મૃતદેહ સાથે વતને ગયા છે.મૃતકના પરિવાર પરત આવે ત્યારે તેમની ફરિયાદ નોંધવામાં આવશે.હાલ સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી ચાલી રહી છે.

# સાબરમતીના કિનારે 4 દિવસ ફૂડ ફેસ્ટિવલનો ફાઈવસ્ટાર જલસો

## 1000માં હાઈ ટી ને 2100માં જગન્નાથપુરીનો મહાપ્રસાદ, લક્ઝરી પેવેલિયનમાં 2500માં લંચ, જાણો સંપૂર્ણ મેનુ

**અમદાવાદ, તા.12**

અમદાવાદના પાલડી સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 13 નવેમ્બરથી 16 નવેમ્બર 2025 સુધી ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ' યોજાશે. જ્યારે વાંચે ગુજરાત 2.0 અંતર્ગત 13 નવેમ્બરથી 23 નવેમ્બર 2025 સુધી 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025'નું યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાઉથ એશિયન એસોસિએશન ફોર ગેસ્ટ્રોનોમી (SSG) દ્વારા ફૂડ ફેસ્ટિવલ તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સહયોગથી હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ્યથી બુક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.



જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ 13 નવેમ્બરના રોજ અમદાવાદ ફૂડ ફેસ્ટિવલ અને બુક ફેરનું ઉદ્ઘાટન કરવા માટે આવવાના હતા. પરંતુ તેનો ગુજરાત પ્રવાસ રદ થયેલ છે. મહેસાણાના બોરીયાવી ખાતેના કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંભવત જોડાઈ શકે છે.

સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનાર ફૂડ ફેસ્ટિવલમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી ફી રાખવામાં આવી નથી. ફૂડ ફેસ્ટિવ લમાં જે ફૂડ પેવેલિયન અને સ્ટોલ રાખવા માં આવ્યા છે તેમાં મળતી ખાવા-પીવાની વસ્તુઓનો ચાર્જ ચૂકવીને ભોજનનો આનંદ લો કો માણી શકશે. ઓનલાઈન વેબસાઈટ બુક માય શો ઉપર ટિકિટ બુકિંગ કરાવી શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ ફેસ્ટિવલના મેનુ અને પ્રોગ્રામની માહિતી માટે QR કોર્ડ જાહેર કર્યો છે જે સ્કેન કરવાથી ફૂડનું મેનું અને ભાવ મળી રહશે.

મેયર પ્રતિભા જૈન અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, 'A Taste of Luxury' અને 'The Regional Flavours' એમ બે પ્રકારની થીમ પર ફૂડ કોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલમાં ત્રણ અનોખા પેવેલિયન્સ પણ તૈયાર કરાશે. લક્ઝરી પેવેલિયનમાં Taj Soulinaireના ખાસ મેનૂ સહિત ફેમસ હોટેલ દ્વારા તેમની સ્પેશિયલ વાનગીઓ પીરસવામાં આવશે. લક્ઝરી પેવેલિયનમાં લંચ અને ડિનર રૂપિયા 2,500 અને હાઈ ટી રૂપિયા 1,000 રહેશે. ફૂડ ફેસ્ટિવલમાં સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં પુરીના જગન્નાથ મંદિરમાં આપવામાં આવતો 'ભોગ પ્રસાદ' મળશે. જે મૂળ મંદિરના બ્રાહ્મણ રસોઈયાઓ દ્વારા જ બનાવવામાં આવશે. અમદાવાદીઓને પુરી મંદિર જેવી જ પવિત્રતા, પરંપરા અને સ્વાદ મળશે. આ ફેસ્ટિવલમાં ભગવાન શ્રી કૃષ્ણનાં જીવનપ્રસંગો પર આધારિત 'લીલા' નામનું વિશેષ નૃત્ય પ્રદર્શન પણ રજૂ થશે. જેમાં પુરીના દૈતાપતિ કુટુંબના વરિષ્ઠ પુત્રની ઉપસ્થિતિમાં આ પૌરાણ કરે પરંપરાગત કાર્યક્રમ યોજાશે. સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં 2,100 રૂપિયાનું ડિનર રહેશે, જ્યારે 13 નવેમ્બરના રોજ લંચ 1,600 રૂપિયાનું રહેશે.

# સાઉથ બોપલમાં બન્યો જોરદાર ગાર્ડન, ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે

## વોકિંગ ટ્રેક, બાળકો માટે રમતના બે અલગ વિભાગ, કોમ્પ્યુટર યુગમાં ભૂલાયેલી જૂની રમતો પણ રમી શકાશે

**અમદાવાદ, તા.12**

અમદાવાદ શહેરના સાઉથ બોપલ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપીપી ધોરણે રૂ. 4.5 કરોડના ખર્ચે ગાર્ડન બનાવવામાં આવ્યો છે. નાગરિકોને વોકિંગ અને બાળકો માટે રમતગમતની સાથે મનોરંજન મળી રહે તેના માટે 11,600 ચોરસ મીટરની જગ્યામાં બનાવેલા ગાર્ડનમાં ખાસ કરીને બાળકો માટે જૂની રમતોની અલગ જગ્યા બનાવવામાં આવી છે. નાના બાળકો માટે રમતગમતના સાધનો લગાવવામાં આવ્યા છે. સિનિયર સિટીઝનોને બેસવા માટે ગજેબો અને લોકો માટે ચાલવાનો અલગથી વોકિંગ ટ્રેક બનાવવામાં આવ્યો છે. આ ગાર્ડન ટૂંક સમયમાં નાગરિકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

સાઉથ બોપલ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈલેક્ટ્રોથર્મ કંપની સાથે પીપીપી ધોરણે ગાર્ડનના ફરતે અને વચ્ચે ચાલી શકે તેવા વોકિંગ ટ્રેક બનાવવામાં આવેલા છે. સવારના સમયે લોકો કસરત કરી શકે તેના માટે ઓપન જીમ પણ બનાવવામાં આવેલું છે. ગાર્ડનમાં નાના તળાવ જેવું પણ બનાવવામાં આવેલું છે જેથી તળાવની ફરતે ચાલતા હોય તેવી અનુભૂતિ થાય અને લોકોને ગાર્ડનમાં ચાલવાની મજા પડશે.





ગાર્ડનમાં ખાસ કરીને નાના બાળકોને આજના કોમ્પ્યુટર યુગમાં ભુલાઈ ગયેલી જૂની રમતોને યાદ અપાવે એવી રમતો રમી શકે તેના માટેનો વિભાગ બનાવવામાં આવ્યો છે.

બાળકો રમત રમી શકે તેના માટે રમતના બે અલગ વિભાગ બનાવવામાં આવ્યા છે. જેમાં છ વર્ષથી લઈ 13 વર્ષના બાળક માટે અને 18 વર્ષ સુધીના બાળક માટે એમ બંને વિભાગમાં અલગ અલગ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 10 વર્ષથી ઉપરના બાળકો રમી શકે તેના માટે સાપસીડી, પગથીયા સહિતની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે 6 વર્ષથી લઈ 10 વર્ષના નાના બાળકો રમે તેના માટે લપસણી, હીચકા સહિતની રમતો મૂકવામાં આવી છે. રમતો રમવા માટે બાળકોને શારીરિક શ્રમ કરવો પડે તેના માટેની પણ રમતો બનાવવામાં આવેલી છે.

સાઉથ બોપલ વિસ્તારમાં બનાવવામાં આવેલા આ ગાર્ડનમાં ફુવારો પણ બનાવવામાં આવેલો છે જેનાથી આ ગાર્ડનની શોભા ખૂબ વધશે. સવારે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ગાર્ડન નાગરિકો માટે ખુલ્લો રહેશે. ગાર્ડનમાં અંદાજિત 21 પ્રકારના મોટા વૃક્ષ અને 14 પ્રકારના ફળ અને ફૂલોના છોડ વાવવામાં આવ્યા છે. કુલ 1200 મોટા વૃક્ષ અને 1800 નાનાં ઝાડ છે. આ ગાર્ડનમાં સૌથી વધારે લોકોને ચાલવા અને બેસવાની મજા પડી જશે અને રાત્રિના સમયે પણ ગાર્ડન ઝળહળી ઊઠે એવી લાઈટ રહેશે.







